# આધ્યાત્મિક કેડી

તંત્રી-સંપાદક : કૈલાસબહેન એન. પરીખ [ત્યાગ]

ૐ
મા
ૐ



ૐ
મા
ૐ

॥ કમલાસન પર બિરાજેલાં ગાયત્રી માતા ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૧૨ ] જુલાઈ ૧૯૯૩ [ અંક ૩ જો

Scanned by CamScanner

# મારા જીવનનાં નવ સૂત્રો

૧. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.

૨. નિ:સહાયને સહાય કરવી.

૩. દુ:ખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.

૪. કોઈની ઈર્ષ્યા કરવી નહિ.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિન્દાથી દૂર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિ:સ્વાર્થ સેવા કરવી.

૯. અહમ્‌નો ત્યાગ કરવો.

– રાજયોગી નરેન્દ્રજી

---

૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, ભઠ્ઠા પાસે,
અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭

Scanned by CamScanner

પરમશક્તિ મંત્ર

# મા



[ શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ–૩૮૦૦૧૫ ]


વર્ષ ૧૨ ] ★ જુલાઈ : ૧૯૯૩ ★ [ અંક ૩ જો


## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| માતાજીનો આદેશ | રાજયોગી નરેન્દ્રજી | ... | ૩ |
| રાજયોગી નરેન્દ્રજી | | ... | ૪ |
| ત્યાગ | રાજયોગી નરેન્દ્રજી | ... | ૯ |
| પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | | ... | ૧૫ |
| શાસ્ત્રીજીનો ધ્વનિમુદ્રિત અવાજ | | ... | ૨૦ |
| મારી અનુભૂતિ | | ... | ૨૫ |
| વાર્ષિકયને આરે | | ... | ૨૬ |
| સમાચાર | | ... | ૨૮ |


### 'આધ્યાત્મિક કેડી'ના પ્રકાશન અંગે

આવતા વર્ષે ૧૯૯૪માં 'આધ્યાત્મિક કેડી'ના બે જ અંકો એપ્રિલ અને ઑકટોબર માસમાં પ્રગટ કરાશે, જેની સૌ વાચકોએ નોંધ લેવા વિનંતી છે.


★ વાર્ષિક લવાજમ રૂપિયા દસ ★

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, 'નિલોપા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ – ૩૮૦૦૧૫

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧ * ફોન : ૩૯ ૨૫ ૧૨



Scanned by CamScanner

॥ ૐ મા ૐ ॥

With Blessings from Pujya Gurudev

Agents for Meharashtra :

* **Murugan Agencies**
* **Kaytee Tex. Agencies**
* **Shriji Tex. Agencies**
* **S. V. Agencies**

S. V. FABRICS

59-A, Wholesale Cloth Market, Gandhi Bag,
NAGPUR - 440 002

Phones : 44758 - 42610 ☐ Gram : Murugan
Telex : 0715-611 Kanu in Fax : 712-42337

VIMAL®
A RELIANCE PRODUCT

# FABRICS

## Reliance Industries Ltd.

AHMEDABAD - BOMBAY

Vajubhai Gaglani * Kirit Gaglani * Tushar Gaglani




Scanned by CamScanner




# આધ્યાત્મિક કેડી

જુલાઈ : ૧૯૯૩

☐


**************************************

## 卐 માતાજીનો આદેશ 卐

આપ સૌ જાણો જ છો કે હું તો માતાજીનો શિસ્તબદ્ધ સૈનિક છું અને તેના આદેશ પ્રમાણે જ કાર્ય કરું છું. માતાજીએ ગુરુપૂર્ણિમા, ચોથી સપ્ટેમ્બર અને મારા જન્મદિવસની ઉજવણી અંગે જે આદેશ આપ્યો છે તે આપ સૌની જાણ ખાતર અત્રે રજૂ કરું છું :

ગઈ તા. ૪–૪–’૯૩ ના રોજ માતાજીએ સ્વપ્નમાં દર્શન આપી આદેશ આપ્યો હતો કે,

(૧) ગુરુપૂર્ણિમાએ ફક્ત પ્રસાદ વહેંચવો.

(૨) ચોથી અને સાતમી સપ્ટેમ્બરનો પ્રસંગ ભેગો ઊજવવો અને ફક્ત પ્રસાદ વહેંચવો.

માતાજીના આ આદેશ અનુસાર આ વર્ષે ગુરુપૂર્ણિમા અને મારા જન્મદિવસ તા. ૭ મી સપ્ટેમ્બરે ભોજનનો પ્રબંધ રાખવામાં આવ્યો નથી તેમ જ ચોથી સપ્ટેમ્બરે ‘નીલોબા’ પરનો માતાજીનો પ્રાગટ્ય મહોત્સવ પણ અલગ ઉજવવામાં આવશે નહિ, તેની સૌ ભક્તોને નોંધ લેવા વિનંતી છે.

રાજયોગી નરેન્દ્રજી

**************************************




Scanned by CamScanner

# રાજયોગી નરેન્દ્રજી

હવેથી આપણે સૌ પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીને 'રાજયોગી નરેન્દ્રજી'ના નવા નામથી ઓળખીશું.

પૂ. ગુરુદેવના આ નવા નામકરણની જે દિવ્ય ઘટના બની તે કંઈક આ પ્રમાણે છે :

છેલ્લા થોડાક વખતથી મનમાં એવા વિચારો ઘોળાતા હતા કે પૂ. ગુરુદેવને સૌ ગાયત્રી–ઉપાસક શાસ્ત્રીજી તરીકે ઓળખે છે. પણ ગુરુદેવ કોઈ સામાન્ય ઉપાસક નથી. તેઓ તો સાક્ષાત્કારી વિભૂતિ છે. તેમણે ઈશ્વરનો માતૃ રૂપે સાક્ષાત્કાર કર્યો છે. તેમનું વ્યક્તિત્વ પણ વિરલ ને દિવ્ય છે તો તેમને ગાયત્રી–ઉપાસકને બદલે બીજા કોઈ વિશેષ રૂપે ઓળખવા જોઈએ. વળી પૂ. ગુરુદેવ લોકસેવાનું જે કાર્ય કરી રહ્યા છે તે કોઈ સામાન્ય સેવાનું કાર્ય નથી. તદુપરાંત તેમના લોકસેવાના કાર્યનું પણ કોઈક ચોક્કસ નામાભિધાન થવું જોઈએ, જેનાથી સમસ્ત સમાજમાં તેમની ઓળખ રજૂ થઈ શકે. તેમનાથી અપરિચિત વર્તુળમાં વિશાળ ફલક પર પૂ. ગુરુદેવની અને તેમના સેવાકાર્યની ઓળખ આપવી હોય, પરિચય કરાવવો હોય તો કઈ રીતે કરાવી શકાય ?

આ વિચારોને પૂ. ગુરુદેવ સમક્ષ ગઈ તા. ૬–૪–'૯૩ ના રોજ ગુરુદેવના 'શ્રદ્ધા'ના નિવાસસ્થાને સાંજની કુટિર પતી ગયા પછી રજૂ કરવામાં આવ્યા હતા.

પ્રત્યુત્તરમાં પૂ. ગુરુદેવે તો મૌન જ સેવ્યું.

પૂ. કૈલાસબહેને આ વિચારોને સહર્ષ વધાવી લીધા અને આ દિશામાં કંઈક કરવું જોઈએ તેવો પ્રતિભાવ તત્કાળ જ દર્શાવ્યો.

આ વિચારોની રજૂઆત કરતાં જ કેટલાક નામોની સ્ફુરણા થઈ તે કૈલાસબહેને કાગળ પર ટપકાવી લીધાં.

બીજે દિવસે સાંજે કુટિરમાં આ વિચારો ભક્ત સમુદાય સમક્ષ રજૂ કરતાં ઘણા ભાઈ–બહેનોએ પૂ. ગુરુદેવ માટેનાં પ્રેમ અને લાગણી વ્યક્ત કરતાં સૂચનો રજૂ કર્યાં. દરેક ભાઈ–બહેનોનાં દરેક સૂચનમાં પોતપોતાનું પૂ. ગુરુદેવ માટેનું સમ્યગ્દર્શી ચિંતન અને દૃષ્ટિબિંદુ રજૂ થતાં હતાં.

પણ ?...

પણ, માની લીલાનો તાગ તો કોણ પામી શક્યું છે તે આપણે પામી શકીએ ?

જગતજનની વેદમાતા ગાયત્રીએ તો પોતાના લાડલા દીકરાનું કેટલાય દિવસો પહેલાં 'રાજયોગી નરેન્દ્રજી'નું નામકરણ કરી જ દીધું હતું પરંતુ માના એ લાડલા દીકરા વિમાસણમાં હતા કે પોતાને માએ આપેલા નવા નામને જનસમાજ સમક્ષ કઈ રીતે રજૂ કરવું ?

દીકરાની વિમાસણ પામીને માએ લીલા આદરી. માની એ લીલાને પૂ. ગુરુદેવના શબ્દોમાં જ અત્રે રજૂ કરી છે. પણ પૂ. ગુરુદેવના એ શબ્દો રજૂ કરતાં પહેલાં આટલી પૂર્વભૂમિકા રજૂ કરી છે.

ઝૂલામાંથી ઊભા થઈને, ઝૂલો ખાલી રાખીને, પૂ. ગુરુદેવે પોતાના નવા નામકરણની ઘટનાને રજૂ કરતાં જણાવ્યું હતું :

[ આધ્યાત્મિક કેડી, જુલાઈ, '૯૩



Scanned by CamScanner

" ગાયત્રી માતાનાં વહાલાં બાળકો,

કહેવી નથી, કહેવી નથી, આધ્યાત્મિકતાની વાતો,
કહેવી નથી, કહેવી નથી, ઉપદેશની વાતો,
કહેવી છે, બસ, કહેવી છે, રૂમઝૂમતી માની વાતો,
કહેવી છે, બસ, કહેવી છે, મા-બાળની વાતો.

હમણાં હું જે કહું છું, બોલું છું તે શાસ્ત્રીજી નથી બોલતા પણ એક ત્રાહિત વ્યક્તિ શાસ્ત્રીજી માટે બોલે તે રીતે હું કહી રહ્યો છું. રૂમઝૂમ માની વાતો એક ત્રીજી વ્યક્તિ તરીકે કહું છું. તમે શાસ્ત્રીજીનું જે રૂપ દેખો છો, જે રંગ દેખો છો, જે કપડાં દેખો છો, જે આભૂષણો દેખો છો, તે વ્યક્તિત્વ તો શાસ્ત્રીજીનું બહારનું વ્યક્તિત્વ છે. તેમનું ભીતરનું વ્યક્તિત્વ કંઈક ઓર જ છે. તેમની ભીતરમાં સદા ય તે ચોવીસ કલાક મા-મય છે. તેઓ મામાં સદા રત રહે છે. તેના લીધે જ મા સદા તેની આસપાસ ફરે છે, તેને આવવું ગમે છે, રહેવું ગમે છે. તેમનું બહારનું વ્યક્તિત્વ કંઈક જુદું છે. ભીતરમાં કંઈક જુદું જ રંધાય છે. બહાર હસતા હોય, વાત કરતા હોય, પણ ભીતરમાં કંઈક જુદું જ ચાલતું હોય.

---

* "તેં નવો મંત્ર આપ્યો, મંત્રનું નવું નામ આપ્યું, તો શા માટે તારું નામ એ જ રાખે છે?"

---

એક વાર શાસ્ત્રીજીને વિચાર આવેલો કે તેમણે માથે મુંડન કરાવવું, સંસારનાં કપડાં કાઢી નાખવાં ને ભગવાં તો નહિ, પણ મા જે રંગ આપે તે રંગનાં કપડાં પહેરવાં. પણ માતાજીએ મુંડન કરવાની ના કહી. કપડાં બદલવાની પણ ના પાડી, તેથી તે મુલતવી રાખવું પડ્યું.

તમને ખ્યાલ હશે કે પિતાજીના મૃત્યુ સમયે મેં મુંડન કરાવ્યું નહોતું. વડીલોનો આગ્રહ હતો, પણ માતાજીના આદેશથી મેં મુંડન કરાવ્યું નહોતું. આજે પણ મને કોઈ મુંડન કરાવવા વિશે પૂછે તો હું માના આદેશથી મુંડન કરાવવાની ના કહું છું.

ભીતરમાં માતાજી જુદી જુદી સૂચનાઓ આપે છે.

એક વાર ગરબામાં રમવા શાસ્ત્રીજીને તલવાર લેવાનું મન થયું. માતાજીએ સીધું સૂચન ન કર્યું, પણ એવું સૂચન કર્યું કે,

'કૃષ્ણે કદી તલવાર ધારણ કરી નહોતી.'

પણ આ સૂચનથી મારે શું સમજવું?

તેમનું સૂચન હતું કે તલવાર લેવાની નથી. તેમનું સૂચન આવું આડકતરી રીતે પણ હોઈ શકે છે.

નામ ફેરવવાનો પ્રસંગ આવ્યો તેની વાત બહુ ઊંડી છે:

એકાદ મહિના પહેલાં સ્વપ્નમાં દર્શન આપ્યાં અને સૂચન કર્યું:

"તેં નવો મંત્ર આપ્યો, મંત્રનું નવું નામ આપ્યું, તો શા માટે તારું નામ એ જ રાખે છે?"

એ તો મેં સાંભળી લીધું. મારા મનમાં વિચારો ચાલ્યા. મંથન ચાલ્યું. તેમનો કોઈ આદેશ નહોતો કે કોઈને કહેવાનું કે ન કહેવાનું. તેથી રજૂઆત કેવી રીતે કરવી? હું મનોમંથન કરતો રહ્યો.



Scanned by CamScanner

એટલામાં માતાજીએ પૂર્ણિમાબહેનને પ્રેરણા કરી અને કૈલાસબહેન મારફત ચર્ચા ઉપાડી લીધી. ઘણી ચર્ચા થઈ. મારે માટે બધાનો પ્રેમ અને લાગણી શું હતાં તે બધું અહીં જાણવા મળ્યું કે લોકોની શું ભાવના છે!

નામ માટે મેં ઘણા વિચારો કર્યા, કે કયું નામ મૂકવું! એ મંજૂર કરે કે ન કરે. એ શું કરે?

મેં સૌ પ્રથમ નામ મૂક્યું : 'કર્મયોગી'
પણ એ મંજૂર ન થયું.
મેં બીજું નામ મૂક્યું : 'સાગરનો મઝધાર'
એ પણ મંજૂર ન થયું.
ત્રીજું નામ મૂક્યું : 'હિમાલય'
એ પણ મંજૂર ન થયું.
ચોથું નામ મૂક્યું : 'માની મમતા'
એ પણ મંજૂર ન થયું.

આમ મંજૂરીની મહોર વાગે નહિ અને 'ના' લખાઈને પાછું આવે તેથી હું વિમાસણમાં મુકાયો, કે મારે કરવું શું?

---

* માએ જે આધ્યાત્મિક રાજ્ય આપ્યું છે, તેમાં દુઃખી લોકો આપ્યાં છે, કારણ સુખી લોકો તો સિનેમા જોવા જાય, નાટક જોવા જાય. તેઓ અહીં તો આવે જ નહિ ને! અહીં તો દુઃખી લોકો જ આવે. એવાં દુઃખી લોકોની સેવા કરવાનું કાર્ય માની સિંચેલી શક્તિ વડે કરવું એવો અર્થ થાય છે. યોગશક્તિ વડે, માતાજીની શક્તિ વડે, એનું સુકાન સંભાળી સેવા કરવાની, રાજયોગી એટલે કોઈ સુખ, વૈભવ, ઐશ્વર્ય, ભૌતિકતાનો રાજયોગી નથી, પણ દુઃખીઓના દર્દનું રાજ છે.

---

માતાજીએ મને સૂચન કર્યું :

"તારો કયો યોગ ચાલે છે તે તને ખબર છે ને! મેં તને કહ્યું છે."

મને ખ્યાલ આવ્યો કે એ તો મને ખબર છે કે મારો 'રાજયોગ' ચાલે છે. પણ શું કહેવું? તેથી મેં કહ્યું : 'રાજયોગી'.

મેં 'રાજયોગી' કહ્યું અને માતાજીએ મંજૂરીની મહોર આપી દીધી.

પણ 'રાજયોગી'ની આગળ શું?

જેમ 'ૐ મા ૐ' મંત્ર આપ્યો અને પરમ શક્તિ મંત્ર તરીકે ઓળખાવ્યો, તે રીતે રાજયોગીની આગળ શું!

'ગાયત્રી-ઉપાસક શાસ્ત્રીજી' તો જતા રહ્યા છે. આ તો પરમ શક્તિ મંત્રના 'શાસ્ત્રીજી' આવ્યા છે એટલે એ 'શાસ્ત્રીજી' નામ પણ ફેરવવું જોઈએ. એટલે મનોમંથન પછી આવ્યું :

"રાજયોગી નરેન્દ્રજી"

ત્યાર પછી મેં બધા શબ્દોનો અભ્યાસ કર્યો. એ અભ્યાસ કર્યા બાદ જે કંઈ જોઈતું હતું તે બધું જ એમાં આવે છે. ડિક્ષનરી અને વ્યાકરણ ગમે તે કહેતા હશે, પણ મારી ડિક્ષનરી અને મારું વ્યાકરણ જે કહે છે તે હું રજૂ કરું છું.



Scanned by CamScanner

રા : 'રા' એટલે રામ થાય, રાસેશ્વર થાય, પણ હું જે 'ર' પકડું છું તે રસનું પાન કરાવનાર, અમૃત આપનાર, મધુર રસ આપનાર અને બધા રસો.

'રા'- માં જે કાનો (।) છે એ કાનો એટલે કૃષ્ણ, જશોદાનો કાનો પણ અહીં કાનાનો અર્થ માનો બાળ.

'રા' નો અર્થ અમૃત પાન કરાવનાર, રસ પીવડાવનાર મા અને એ રસ પીનાર હું તેનો બાળ – માનો બાળ.

શાસ્ત્રીજીને માના રસ સિવાય બધા રસ તુચ્છ છે.

જશોદાનો કૃષ્ણ એવી રીતે માનો બાળ – અમૃત પાન કરાવનારી માનો બાળ.

'જ' – એટલે જમીન. તેની પર મકાન, ખેતી, ઉદ્યોગો, કારખાનાં વગેરે આવેલાં છે અને મનુષ્યો વસે છે. 'જ' એટલે જીવનજળ. જે બધા માટે કામ આવે છે. જીવનજળ મકાન, ખેતી અને કારખાનાની આબાદી માટે છાંટવા માટે લઈ જાય છે. મનુષ્યો પોતાની શારીરિક તકલીફ માટે, જીવન બનાવવા અને બચાવવા માટે લઈ જાય છે. મારું કર્મ અને સેવાકાર્ય એમાં આવી જાય છે.

આમ 'રાજ' શબ્દનો અર્થ એટલે માનું અમૃત, મા–બાળનો સંબંધ, ને મારું સેવાકાર્ય આ બે અક્ષરમાં આવી ગયા.

'યો' – યા – એટલે યાચના કરવી, માગવું, લેવું.

'યો'માં જે માત્રા (~) છે તેમાંથી 'ર' કાઢી નાખવામાં આવે તો 'માત' રહે છે અને કાના (।)નો અર્થ મા–બાપનો સંબંધ આપ્યો. બાળ માતા પાસે યાચના કરે છે કે મારા શરીરમાં તારી શક્તિનું સિંચન કરી દે કે જેથી હું સેવા કાર્ય કરી શકું.

---

* આંબાને કેરી આવે છે ત્યારે તે ઉપર જવાને બદલે નીચે નમે છે, તે તેની નમ્રતાની નિશાની છે. એ સૂચન માતાજીએ મને કર્યું છે.

---

'ગી' – એટલે ગીતાનો ગાનાર કૃષ્ણ. કૃષ્ણની ગીતાનો કર્મયોગ, જે મારા જીવનમાં વણાયેલો છે.

'ગી'ની દીર્ઘ 'ઈ' છે એમાં દ એટલે દરવાજો, ઘ એટલે ઘર, મકાન, રહેઠાણ, અને ઈ એટલે ઈશ્વર.

ઈશ્વરના દરબાર, મકાન પાસે લઈ જનાર, રસ્તો બતાવનાર. ઈશ્વર પાસે જવાનો રસ્તો બતાવે છે તે યોગી.

શાસ્ત્રીજી આપણને બધાને કર્મયોગ દ્વારા ઈશ્વરના ઘરનો દરવાજો બતાવી તેની સમીપ લઈ જવા પ્રયાસ કરે છે.

આખો 'રાજયોગી' શબ્દ લઈએ તો —

રાજ એટલે રાજ્ય.

યોગી એટલે યોગી પુરુષ, જે પોતાની શક્તિ વડે લોકોનું કલ્યાણ કરી શકે.

માએ જે આધ્યાત્મિક રાજ્ય આપ્યું છે તેમાં દુઃખી લોકો આપ્યાં છે કારણ કે સુખી લોકો તો સિનેમા જોવા જાય, નાટક જોવા જાય. તેઓ અહીં તો આવે જ નહિ ને! અહીં તો દુઃખી લોકો જ આવે. એવાં દુઃખી લોકોની સેવા કરવાનું કાર્ય માની સિંચેલી શક્તિ વડે કરવું એવો અર્થ



Scanned by CamScanner

થાય છે. યોગ શક્તિ વડે, માતાજીની શક્તિ વડે એનું સુકાન સંભાળી સેવા કરવાની એટલે રાજયોગી. અહીં રાજયોગી એટલે કોઈ સુખ, વૈભવ, ઐશ્વર્ય, ભૌતિકતાનો રાજયોગી નથી, પણ દુઃખીઓના હૃદયનું રાજ છે.

'નરેન્દ્રજી'માં —

'ન' એટલે નવધા ભક્તિ, મારા જીવનનાં નવ સૂત્રો. એ સૂત્રો જીવનમાં ઊતારો એટલે બસ ઘણું છે.

'રે' એટલે ફરીથી અમૃત રસનું પાન કરાવનાર મા.

'ન્દ્ર' અડધો 'ન્' એટલે કશું નહિ એમ થાય. મારી જિંદગીનાં ૪૦ વર્ષો સુધી માએ મને જરા પણ અણસાર આવવા દીધો નહિ. મને અંધારામાં રાખ્યો એટલે અડધો 'ન્' રાખ્યો.

'દ્ર' એટલે દયા કરવી, દાન કરવું. મારામાં માતાજીએ દયાની શક્તિ ભરી. આર્દ્રતાથી લોકોની સેવા કરજે.

દયા અને દાનનું મહત્ત્વ ઘણું છે.


'જી' એટલે વિનમ્રતાનું પ્રતીક છે. નમ્ર બનવું. જે નમે તે સૌને ગમે. આંબાને કેરી આવે છે ત્યારે તે ઉપર જવાને બદલે નીચે નમે છે. તે તેની નમ્રતાની નિશાની છે. એ સૂચન માતાજીએ મને કર્યું છે."

આમ પૂ. ગુરુદેવે જગતજનની પરમ શક્તિએ પોતાને અર્પેલું નવું નામ 'રાજયોગી નરેન્દ્રજી' ભક્ત સમુદાય સમક્ષ રજૂ કર્યું ત્યારે સૌએ તે સહર્ષ વધાવી લીધું અને "'રાજયોગી નરેન્દ્રજીકી' જય" ના હર્ષનાદથી સમગ્ર વાતાવરણ ગાજી ઊઠ્યું.

□


With Blessings From :

**Pujya Gurudev**



# NARAYAN ENTERPRISES

43, BRIGADE ROAD, BANGLORE





Scanned by CamScanner

# ત્યાગ

## રાજયોગી નરેન્દ્રજી

કોઈ ને કોઈ પ્રકારના આવેગ કે આવેશથી પ્રેરાઈને ઘર, કુટુંબ, સંસારની જવાબદારીઓ છોડીને જંગલમાં કોઈ એકાંતવાસમાં ચાલ્યા જવું એ ત્યાગ નથી. એ તો પલાયન વૃત્તિ છે. ભાગેડુ વૃત્તિ છે. પલાયન કે ભાગેડુ વૃત્તિ અને ત્યાગ એ એમાં ઘણો મોટો ભેદ છે. ઘર, કુટુંબ કે સંસાર, છોડવા માત્રથી જ છૂટી જતાં નથી. બાહ્ય દૃષ્ટિએ, સ્થૂળ રીતે એ છૂટી જાય છે, પણ મન તો એમાં જ ભટકતું રહે છે. મન તો સ્થિર થતું જ નથી. અંદરની આસક્તિ આ છોડી દીધેલા ઘર, કુટુંબ અને સંસાર સાથેનો અનુબન્ધ-જોડાણ-દૂર રહ્યે રહ્યે પણ કરાવી આપે છે તેથી એ ત્યાગ નથી. એ તો માણસની એક પલાયન વૃત્તિ છે. ભાગેડુ વૃત્તિ છે, જીવનના ભૌતિક કે આધ્યાત્મિક વિકાસમાં આવી પલાયન વૃત્તિ તો વિશેષ હાનિકારક નીવડે છે.

રામાયણનો સીતાત્યાગનો પ્રસંગ વિદિત છે. એ ત્યાગ લોકાપવાદને કારણે જ હતો. એનો અર્થ એવો તો ન જ ઘટાવી શકાય કે સીતાની પવિત્રતા અંગે જે રીતે લોકોમાં સંશય પેદા થયો તેવી રીતે રામના મનમાં પણ સીતાની પવિત્રતા અંગે સંશય હતો. વળી આ પ્રસંગને અનુસરીને આજે કોઈ પતિ નજીવી બાબતમાં પત્નીને કાઢી મૂકે તે પણ ઉચિત નથી.

રામનો રાજ્યાભિષેક કર્યા બાદ કૌશલ્યા, કૈકેયી અને સુમિત્રા યાત્રાએ જાય છે. એક સ્થળે તેઓ સાધુ-સંતો સાથે સત્સંગમાં બેઠા છે. અને ત્યાં કૌશલ્યા રાજમહેલ, પુત્રો અને સીતાની ચિંતા વ્યક્ત કરે છે ત્યારે સાધુ-સંતો તરફથી તેમને નિર્દેશ મળે જ છે કે આ એક આસક્તિ છે, માયા છે. જીવનના આ ઉત્તરાર્ધકાળમાં યાત્રાધામમાં નીકળ્યા પછી રાજમહેલ અને પુત્રોની આમ ચિંતા કરવી ઉચિત નથી.

આપણા ગુજરાતી સાહિત્યની એક ઉત્તમ નવલકથા 'સરસ્વતીચંદ્ર'માં એવું બને છે કે, સાવકી માના ઠપકાથી પિતાની શ્રીમંતાઈ અને વિવાહિતા કુમુદ તેમ જ ઘર છોડીને સરસ્વતીચંદ્ર આમતેમ ભટકતો ફરે છે. સાવકી માના નજીવા ઠપકાથી ગૃહત્યાગ કરવાનું કે નિર્દોષ વિવાહિતા કુમુદને છોડવાનું પગલું કોઈ રીતે વાજબી નહોતું. વિવેચકોએ સરસ્વતીચંદ્રના આ ગૃહત્યાગને ભાગેડુ વૃત્તિ તરીકે પણ ઓળખાવ્યો છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે કોઈ પણ પદાર્થ, પાત્ર, પરિસ્થિતિ કે વાતાવરણથી દૂર થવા માત્રથી કોઈ ત્યાગ નથી થઈ શકતો. કારણ કે માત્ર આપણું શરીર એનાથી દૂર થાય છે. મનમાંથી એના પ્રત્યેનો મમત્વ ભાવ, આસક્તિ, માયા દૂર થતાં નથી અને એ મમત્વ ભાવ, આસક્તિ અને માયા જ જિંદગીમાં અજંપાના, અશાંતિના, અસ્વસ્થતાનાં વમળો પેદા કરે છે. માનવી એ વમળોમાં ફસાય છે અને બહાર આવી શકતો નથી. વમળોમાં ફસાયેલો માનવી જો એમાંથી બહાર ન નીકળી શકે તો એ વમળોમાં જ ડૂબી જાય છે. આ સ્થિતિ પણ ઉચિત લાગતી નથી. જે વૃત્તિઓ, પ્રવૃત્તિઓ વમળો પેદા કરે છે તેનો ત્યાગ જરૂરી છે. એટલું જ નહિ, આપણી પણ કોઈક વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ બીજાને માટે વમળો ન સર્જે અને એ વમળોમાં બીજા ન ફસાય, તેઓને કોઈ નુકસાન ન થાય, તેઓની સફળતામાં, પ્રગતિમાં અવરોધરૂપ ન બનીએ તે જોવાની મનુષ્ય માત્રની ફરજ છે. એ જ



Scanned by CamScanner

સાચી માનવતા છે. આથી બીજાને માટે વમળો સર્જનારી વૃત્તિઓ-પ્રવૃત્તિઓનો પણ ત્યાગ કરવો જરૂરી સમજું છું.

યુદ્ધભૂમિમાં કૃષ્ણ અર્જુનને આ મમત્વ ભાવ, આસક્તિ અને માયા છોડવા જ જણાવે છે. અને એ સાથે આત્માની અમરતા અને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો સમજાવે છે. ત્યાગને દૈવી ગુણ ગણાવી જે મમત્વ અર્જુનને અજંપ કરી રહ્યું છે અને આવનારા પરિણામનો વિચાર તેને પોતાના કર્તવ્યમાંથી ચલિત કરી રહ્યો છે એ મમત્વ ને પરિણામના વિચારનો ત્યાગ કરવા કૃષ્ણ અર્જુનને સમજાવે છે.

કૌરવોનું પાંડવો પ્રત્યેનું વલણ સર્વથા અનુચિત ને પાંડવોને માટે હાનિકર્તા-અન્યાયકર્તા હતું. એ અન્યાયનો પ્રતિકાર કરવા યુદ્ધનો આદેશ થયો છે. એ આદેશના અનુસરણમાં પરિણામનો જે વિચાર ઉદ્ભવે છે તે અર્જુનને પોતાનું કર્તવ્ય બજાવવામાં વિક્ષેપરૂપ નીવડે છે, જેથી કૃષ્ણ અર્જુનને કર્મના પરિણામના વિચારનો ત્યાગ કરવા સૂચવે છે ને સાચા કર્તવ્યનું ભાન કરાવે છે.

રામે રાજપાટ-મહેલ છોડયાં, વનવાસ વેઠયો, રાવણ સીતાનું હરણ કરી ગયો ને લોકચર્ચાને ચાકડે ચઢેલી પવિત્ર સીતાનો રામે ત્યાગ કર્યો. ભ્રાતૃભાવનાથી પ્રેરાઈને રાજપાટ છોડી રામ-સીતાની સંગાથે વનવાસમાં નીકળી પડેલા લક્ષ્મણની પત્ની ઊર્મિલાએ મૌનના ગર્ભગૃહમાં પોતાની લાગણીઓને ભંડારી દીધી – આ બધો ત્યાગ સમષ્ટિના શ્રેયાર્થે હતો.

વિભીષણે અહંકારી ને હીન વૃત્તિ એવા સગા ભાઈ રાવણનો ત્યાગ કર્યો ને રામનો આશ્રય ગ્રહણ કર્યો.

* “હીન વૃત્તિ, પ્રવૃત્તિ, વાસનાઓ, ઇચ્છાઓનો ત્યાગ કરીને જે પરમ દિવ્ય, ભવ્ય, શાંત, સ્થિર, સ્વસ્થ, ઉચ્ચ, ઉદાર, ઉન્નત, ઊર્ધ્વગામી, શાશ્વત, પવિત્ર અને આનન્દદાયક જે કોઈ પદાર્થ, પાત્ર, પરિસ્થિતિ, વાતાવરણ કે તત્ત્વ છે તેનો સ્વીકાર કરવો, આશ્રય કરવો જરૂરી છે.”

હીન વૃત્તિ, પ્રવૃત્તિ, વાસનાઓ, ઇચ્છાઓનો ત્યાગ કરીને જે પરમ દિવ્ય, ભવ્ય, શાંત, સ્થિર, સ્વસ્થ, ઉચ્ચ, ઉદાર, ઉન્નત, ઊર્ધ્વગામી, શાશ્વત, પવિત્ર અને આનંદદાયક જે કોઈ પદાર્થ, પાત્ર, પરિસ્થિતિ, વાતાવરણ કે તત્ત્વ છે તેનો સ્વીકાર કરવો, આશ્રય કરવો જરૂરી છે.

મારી દૃષ્ટિએ સાચો ત્યાગ એ છે કે જીવનમાં ઉદ્ભવતી પરિસ્થિતિના પરિણામનો વિચાર ન કરવો, તેની પરવા ન રાખવી એથી વ્યથિત ન થવું અને સહનશીલતા દાખવી, ધીરજ કેળવી, આપણા ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખી, મન, વચન અને કર્મથી પવિત્ર રહીને કાર્ય કર્યે જવું, જીવનપથમાં આવતા અવરોધોને પાર કરી આપણા નિશ્ચિત ધ્યેય સુધી પહોંચવાની નેમ રાખીશું તો આપણો માર્ગ મોકળો થતો જશે. અવરોધો પાર કરવાની આંતરસૂઝ પ્રાપ્ત થતી જશે અને ભૌતિક અને આધ્યાત્મિક જીવનમાં આ વલણ ઉપયોગી-ઉપકારક નીવડી શકશે એમ માનું છું.

જીવનમાં જેનો ત્યાગ કરવાનો છે, જે છોડવા જેવું છે તે સંસારની માયા, આસક્તિ, સાંસારિક સુખની લોલુપતા, મમત્વનો ભાવ, સ્વાર્થ, અંતરના ઉદ્વેગો, વિક્ષેપોનો ત્યાગ કરી જીવનને પ્રગતિને પંથે લઈ જનારાં, જીવનને ઉદાર, ઉન્નત, ઉદાત્ત અને ઊર્ધ્વ બનાવનારાં, કશુંક નક્કર પ્રાપ્ત કરાવી આપનારાં



Scanned by CamScanner

ચિરંજીવ અને શાશ્વત તત્ત્વોનો સ્વીકાર કરવો એ માત્ર સાચા જ્ઞાની કે સાચા ભક્તનો જ નહિ, સાચા માનવીનો ધર્મ છે, ડહાપણ છે.

આ જાણતા હોવા છતાં સંસાર આપણે માટે નિશ્ચિત જ છે. માયા, આસક્તિ અને સંસાર-સુખની લાલસા આપણે છોડી શકતાં નથી, છોડી શકવાનાં પણ નથી. પણ એ સંસારમાં જળકમળવત્ રહેવાનો પ્રયાસ તો જરૂર કરવો જોઈએ એમ હું માનું છું. જેમ કમળ પાણીમાં રહે છે, પણ પાણીથી અલગ જ રહે છે, તેમ મનુષ્યે જીવનમાં આસક્તિ, માયા ને તૃષ્ણાથી અલિપ્ત રહેવાનું છે અને સાચા માનવ, સાચા જ્ઞાની ને સાચા ભક્તનું બિરુદ પામવાનું છે. જીવનમાં જળકમળવત્ રહીને – બનીને જીવન, સંસાર, જગત અને આધ્યાત્મિકતાનાં રહસ્યો પ્રાપ્ત કરવાનું અને એ રહસ્યોને ચરિતાર્થ કરવાનું ડહાપણ કેળવવાનું છે.

જે પદાર્થ, પાત્ર, પરિસ્થિતિ ને વાતાવરણ મનને અશાંત, અજંપ, ઉદ્વિગ્ન કરે, જેનાથી નુકસાન થતું હોય, જીવનની પ્રગતિમાં, આત્મવિકાસમાં અન્તરાયરૂપ બને એવાં તમામ પરિબળોથી વિના વિલંબે, નિઃસંકોચ અળગા થઈ જવું જરૂરી છે. કારણ કે એવાં પરિબળો માનવીની માનસિક સ્થિરતા અને જિંદગીના આનંદ અને આત્મશ્રદ્ધા પર સીધો પ્રહાર કરે છે. જિંદગીના આનંદ, આત્મશ્રદ્ધા અને સ્થિરતા ગુમાવી બેઠેલી વ્યક્તિને બેઠી થવાનું ઘણું કપરું બની જાય છે. અને તે વિનાશ તરફ ધકેલાઈ જાય છે. આ પરિસ્થિતિ ઉચિત નથી. આથી એવાં પરિબળોનો ત્યાગ કરો અને જે લક્ષ્ય પર પહોંચવાનું છે તેને જ નજર સામે રાખો. અને તમારા માર્ગ પર ચાલ્યા જાવ, ચાલ્યા કરો. માર્ગ આપોઆપ મોકળો થતો જ જશે. જિંદગીના અન્તરાયોને પાર કરવામાં જ તો માણસના સાચા

---

* “ત્યાગ એ તો જીવન, સંસાર અને જગતને જોવાની, પામવાની દૃષ્ટિમાંથી જન્મે છે. ઈશ્વરને ઓળખવા ને પામવાની ભાવનામાંથી જન્મે છે. જીવનની સાત્ત્વિક, પવિત્ર, નિષ્ઠાવન્ત, પ્રામાણિક અને માનવતાપૂર્ણ આચારની નાની નાની ક્ષણોમાંથી જન્મે છે.”

---

ખમીરનાં, તેની અંદરની સચ્ચાઈનાં દર્શન થાય છે. જ્યારે તમારી અંદરની સચ્ચાઈ બહાર આવશે ત્યારે અન્તરાયો એની મેળે જ દૂર થઈ જશે, વિરોધો આપોઆપ શમી જશે અને તમે તમારી આસપાસના વર્તુળ-વાતાવરણમાં સ્વીકાર, સન્માન અને આદર પ્રાપ્ત કરી શકશો.

કહેવત છે ને કે હાથી પાછળ સો કૂતરાં ભસે, તેમ છતાં સ્થૂળકાય હાથીનું પ્રત્યેક ભારેખમ પગલું આગળ વધતું જ રહે છે. પાણીનું ઝરણું કે નાનકડો રેલો સુધ્ધાં માર્ગમાં આવતાં તમામ ખડકાળ અવરોધોને પાર કરીને ગમે તે રીતે પણ માર્ગ કાઢી લે છે. પાણીનો પ્રવાહ મોટા મોટા કાળમીંઢ ખડકો સાથે પછડાઈ પછડાઈને પણ પોતાનો માર્ગ કંડારી લે છે તો મનુષ્યે શા માટે અવરોધોથી અટવાવું કે અટકવું જોઈએ? એ અવરોધોને છોડો અને આગળ વધો.

- જિંદગીમાં સુખી થવું છે?
- પ્રગતિ કરવી છે?
- પ્રભુપ્રીતિ પ્રાપ્ત કરવી છે!
- ભગવાનનાં દર્શન કરવાં છે?
- આનંદ મેળવવો છે!
- આત્મવિકાસ સાધવો છે?
- ગુરુનો પ્રેમ મેળવવો છે!



Scanned by CamScanner

—તો ષડ્‌રિપુનો ત્યાગ કરો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ(અહમ્)ને મત્સર (ઇર્ષ્યા) માનવીના જીવનવિકાસના સૌથી મોટા અંતરાયો છે. એને દૂર કરો. શાંતિ હાથવેંતમાં જ છે.

પણ આ ત્યાગ શેમાંથી જન્મે છે?

ત્યાગ એ તો જીવન, સંસાર અને જગતને જોવાની, પામવાની દૃષ્ટિમાંથી જન્મે છે. ઈશ્વરને ઓળખવા ને પામવાની ભાવનામાંથી જન્મે છે. જીવનની સાત્ત્વિક, પવિત્ર, નિષ્ઠાવન્ત, પ્રામાણિક અને માનવતાપૂર્ણ આચારની નાની નાની ક્ષણોમાંથી જન્મે છે. પણ એ ક્ષણો માનવીને ગૌરવ બક્ષે છે ને મહાન બનાવે છે. આવી નાની નાની ક્ષણોનું આચરણ અંતર્મુખતાનું નિર્માણ કરી આપે છે, જેનાથી ચિત્તના વિકારો અને વિક્ષેપો શમી જાય છે. પ્રશાંત ચિત્તની ક્ષણો ઈશ્વરીય અનુસન્ધાન તરફ દોરી જાય છે અથવા એમ કહો કે ઈશ્વરીય અનુસન્ધાન માટે ત્યાગની નાની નાની ક્ષણો ઉપકારક બને છે. એ ક્ષણો ઈશ્વર પ્રીત્યર્થે, ઈશ્વરપ્રાપ્તિ અર્થે જ ચરિતાર્થ બને છે. અથવા એમ કહો કે ઈશ્વરપ્રીતિ જ જીવન અને અસ્તિત્વ સાથે જડાયેલી-સંકળાયેલી તમામ કુત્સિતતાઓ–મલિનતાઓના પરિહાર ભણી દોરી જાય છે.

ભૌતિક પ્રગતિ, સુખ, મનની શાંતિ, આનંદ અને આધ્યાત્મિક–આત્મિક વિકાસ માટે ત્યાગ જરૂરી છે. જીવનની ઉન્નતિ, ઉદારતા, ઉદાત્તતા અને ઊર્ધ્વતા માટે જરૂરી છે. જીવન, સંસાર અને જગતના–સ્વ અને સમષ્ટિના–શ્રેયાર્થે ત્યાગ અનિવાર્ય અને આવશ્યક છે. આધ્યાત્મિકતાના–આત્માનન્દના પરમોચ્ચ શિખર પર પહોંચવા ત્યાગ જરૂરી છે.

---

**✽ "ત્યાગ એ સમસ્ત અસ્તિત્વના વિકારો, મલિનતાઓ, કુત્સિતતાઓ, હીન વૃત્તિઓ, પ્રવૃત્તિઓ, વિચારો, ભાવનાઓનો ભાવાત્મક ધોરણે હૃદયપૂર્વક પરિહાર કરવાની અને એ રીતે સમસ્ત વ્યક્તિત્વ અને અસ્તિત્વ પરિશુદ્ધ કરવાની આંતર પ્રક્રિયા છે."**

---

## આ ત્યાગ શું છે?

ત્યાગ એક ભાવના છે. માનસિક આચાર છે. માત્ર અન્તરના જ નહિ, સમસ્ત અસ્તિત્વના વિકારો, મલિનતાઓ, કુત્સિતતાઓ, હીન વૃત્તિઓ, પ્રવૃત્તિઓ, વિચારો, ભાવનાઓનો ભાવાત્મક ધોરણે હૃદયપૂર્વક પરિહાર કરવાની અને એ રીતે સમસ્ત વ્યક્તિત્વ અને અસ્તિત્વ પરિશુદ્ધ કરવાની આંતરપ્રક્રિયા છે.

સંસારમાં રહેવા છતાં મન સંસારના વિષયોમાં, સુખમાં, પળોજણોમાં લેપાતું નથી અને અનાસક્ત બની, અંતર્મુખ બની ઈશ્વરાભિમુખ અને ઈશ્વરપરાયણ બને છે તે જ સાચો ત્યાગ છે. કોઈ રખે એમ માને કે હું સંસાર નહિ ભોગવવા માટે આગ્રહ રાખું છું. સંસાર પ્રેમથી ભોગવો, મન ધરાય ત્યાં સુધી ભોગવો, પણ સંસારમાં રહ્યે રહ્યે પણ તટસ્થ ભાવ, અનાસક્તિ, સમ્યક્ દૃષ્ટિ કેળવતાં જશો તો સંસાર કલેશકર નીવડશે નહિ.

પરંતુ ઘણી વાર એવું બને છે કે આત્માનન્દના આધ્યાત્મિકતાના પરમોચ્ચ શિખર સુધી તો શું, ત્યાગની ભાવના ઉદ્‌ભવતાંની સાથે જ, અથવા તો તે કંઈ નક્કર સ્વરૂપ ધારણ કરે કે સિદ્ધ કરે તે પહેલાં જ નામશેષ થઈ જાય છે અને વ્યક્તિ સંસારની, જીવનની, જગતની બાહ્ય પળોજણોમાં, પ્રવૃત્તિઓમાં, વૃત્તિઓમાં અટવાઈ જાય છે. વમળોમાં ફસાઈ જાય છે. આ સ્થિતિ ઉચિત નથી.



Scanned by CamScanner

ત્યાગની ભાવનાને દૃઢ અને નિશ્ચળ બનાવવા વૈરાગ્ય જરૂરી છે.

સમસ્ત અસ્તિત્વમાંથી જ્યાં સુધી વિરક્ત ભાવ, અનાસક્ત ભાવ નહિ જાગે, ત્યાં સુધી વૈરાગ્ય ઉદ્ભવતો નથી. વૈરાગ્ય ટકતો નથી. આ વિરક્તભાવ કોઈ આયાસપૂર્વક નહિ, પણ સહજ ભાવે, અનાયાસે ઉદ્ભવે ત્યારે તે વૈરાગ્ય કહેવાય છે. જ્યાં સુધી તે સહજ ભાવે અસ્તિત્વમાંથી જાગતો નથી ત્યાં સુધી તે દૃઢ બનતો નથી. સમસ્ત અસ્તિત્વમાંથી એક પ્રકારનો સંકલ્પબળ સહજ ભાવે જ જાગી નીકળે છે પછી તેને ચરિતાર્થ થવાને ઝાઝી વાર લાગતી નથી. જ્યારે અસ્તિત્વમાંથી સહજભાવે સંકલ્પ સરી પડે છે પછી ચિત્ત સંસારના, જીવનના વિષયોમાં અટવાતું નથી, પળોજણોમાં, પ્રવૃત્તિઓમાં ભટકતું નથી તે સહજ ભાવે જ અંતર્મુખી બની નિજાનન્દની મસ્તીને પ્રાપ્ત કરી લે છે.

જીવનમાં આત્મસંતોષ હોય, આત્મસંયમ કેળવ્યો હોય, જીવન, સંસાર અને જગતનાં કોઈ પ્રલોભનોમાં દિલચસ્પી ન હોય. વ્યક્તિને પોતીકી ખુમારી અને ખમીર હોય તો તેનો સંકલ્પ સાહજિક હોય છે, બને છે, અને તેનામાં વૈરાગ્યભાવ સહજભાવે પ્રગટે છે. જીવન, જગત અને સંસારની વચમાં રહેવા છતાં પણ તે લેપાતો નથી. તે જળકમળવત્ રહે છે. તે આનંદના સર્વોત્કૃષ્ટ શિખર પર વિહરે છે. તે જે આનંદશિખર પર વિહરે છે ત્યાંથી તે તેને સંસારની, જીવનની અસારતા, ક્ષણભંગુરતાનું જ્ઞાન સ્ફુરે છે ને તેનો વૈરાગ્ય ઉદ્ભવે છે અને દૃઢ પણ બને છે.

દા. ત. એક વ્યક્તિએ સંસારત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. આ નિશ્ચયમાં જો તે વ્યક્તિની પોતીકી જીવનદૃષ્ટિ હોય, ખુમારી હોય, આધ્યાત્મિકતાને અભિમુખ હોય અને કોઈક સહજ અને ચોક્કસ દૃષ્ટિથી તેણે સંસારત્યાગ કરવાનો સંકલ્પ કર્યો હોય અને સંસારત્યાગ કર્યા પછી તેણે કોઈ રચનાત્મક કાર્ય કે માર્ગ અપનાવ્યો હોય કે અપનાવવા માગતો હોય તો તેનો તે ત્યાગ યથાર્થ બની શકે છે. કારણ કે એમાં તેની પોતીકી જીવનદૃષ્ટિ છે, સંકલ્પ છે અને જીવનમાં આવી મળતી સહજ સાંસારિકતા પ્રત્યે તેને ઊંડો વૈરાગ્ય ભાવ અનાયાસે ઉદ્ભવ્યો છે. તે વ્યક્તિના દિલમાં અનાયાસે ઉદ્ભવેલો વૈરાગ્ય ભાવ સંસારત્યાગને સહજ, સરળ, દીપ્તિવંત અને કલ્યાણકારી બનાવી શકે એમ હું માનું છું. (મારાં યુવાન ભાઈબહેનો અહીં રખે એમ માને કે હું સંસારત્યાગની તરફેણ કરું છું. સંસારત્યાગની એક બાબતને દૃષ્ટાંત રૂપે લઈ ત્યાગ અને વૈરાગ્યને વિશદ કરવા માગું છું.) અંતતોગત્વા તો સંસારમાં રહીને જ ત્યાગ અને વૈરાગ્ય કેળવવામાં વ્યક્તિની સાચી આંતરક્ષમતાનાં દર્શન થાય છે. કારણ કે સંસારમાં રહીને ત્યાગ અને વૈરાગ્ય કેળવવાં ખૂબ દુષ્કર છે. ત્યાગ અને વૈરાગ્ય કેળવવાં એ તાવણીમાંથી પસાર થવાની પ્રક્રિયા છે. સમસ્ત અસ્તિત્વ એમાં વલોવાય છે. માનવી ભાવનાત્મક અનેકાનેક સંઘર્ષો સામે ઝઝૂમી ઝઝૂમીને, ટક્કર ઝીલી ઝીલીને પસાર થયા પછી જે કંઈ ભાવનાત્મક તારણ-નિષ્કર્ષ, ઉકેલ પ્રાપ્ત કરે છે, જે perception – દર્શન કે ખ્યાલ કે વલણ પ્રાપ્ત કરે છે તે ત્યાગ અને વૈરાગ્યનું નામ ધારણ કરી વ્યક્તિત્વમાં દીપ્તિવંત બનીને સમાઈ જાય છે અને પછી તે સમાજમાં માન અને ગૌરવ પ્રાપ્ત કરે છે અને મહાન સિદ્ધ થાય છે.

ત્યાગ અને વૈરાગ્યની વાતો કહેવી સહેલી છે પણ એની ભાવનાઓને ચરિતાર્થ કરવી, આત્મસાત્ કરવી એ તો લોઢાના ચણા ચાવવા જેવી બાબત છે. ભૌતિક જીવનમાં જેમણે મનની શાંતિ પ્રાપ્ત કરવી છે તેને માટે ત્યાગ અને વૈરાગ્યની ભાવના ચરિતાર્થ કરવી જરૂરી છે. જેમણે આધ્યાત્મિક ક્ષેત્રે, ઉપાસનાના માર્ગે, પરમ તત્ત્વની પ્રાપ્તિના માર્ગે જવું છે કે પ્રગતિ કરવી છે તેમણે એ ભાવનાઓને આત્મસાત્ કર્યા વિના છૂટકો નથી હોતો. કારણ આધ્યાત્મિક ક્ષેત્રે તો પગલે પગલે અવરોધો પ્રલોભનો આવતાં રહે

છે. શ્રદ્ધા અને શરણાગતિ પર પ્રહારો થતા રહે છે; એ અવરોધો – પ્રલોભનોને પાર કરવા, એ પ્રહારોને ઝીલવા પોતીકી જીવનદૃષ્ટિ, સંકલ્પ બળ અને એમાંથી જન્મતી ત્યાગ અને વૈરાગ્યની ભાવના આત્મસાત્ કરવી અનિવાર્યપણે આવશ્યક બને છે.

ત્યાગ અને વૈરાગ્યની ભાવના આત્મસાત્ નહિ કરાય તો પરમ તત્ત્વની કૃપા, આશીર્વાદ, પ્રેમની અભિલાષાને, અખંડિતતાનો અનુભવ મેળવી શકાતો નથી. પરમ તત્ત્વની જે અનુભૂતિઓ થાય છે તેનો નિર્ભેળ આનંદ માણી શકાતો નથી. પરમ તત્ત્વના સંકેતો, આદેશો, પ્રેરણાઓ ઝીલવામાં પણ તે અંતરાયરૂપ બને છે જે ઉચિત નથી. અથવા એમ કહો કે, ત્યાગ અને વૈરાગ્યની ભાવનાને આત્મસાત્ કર્યા પછી જ પરમ તત્ત્વના સંકેતો, પ્રેરણાઓ અને આદેશો પ્રાપ્ત કરવાની ક્ષમતા મળે છે.

ત્યાગ અને વૈરાગ્ય સાક્ષાત્કારના સર્વોચ્ચ શિખરનાં દર્શન કરાવે છે, પહોંચાડે છે અને સ્થિર કરે છે. સાક્ષાત્કારના શિખર પર પહોંચ્યા પછી પણ ત્યાગ અને વૈરાગ્યની ભાવના માટે સજાગ ને સભાન રહેવું પડે છે એમ હું માનું છું. સાક્ષાત્કારના શિખર પર પણ ઉપાસના–આધ્યાત્મિક આચારના પરિણામનો વિચાર છોડી પરમ તત્ત્વની શ્રદ્ધા અને શરણાગતિ ભાવમાં જ સ્થિર ને લીન બની રહેવું જોઈએ એમ હું માનું છું.

□


# "ભગવતી હૉસ્પીટલ" અને પ્રસૂતિગૃહ



○ ડૉ. ભરત ગાંધી (એમ. એસ.), ○ મીના ગાંધી (એડવોકેટ)

નેશનલ હાઈવે – ઉદવાડા – RS. (જિ. વલસાડ)

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં...

ભાવનગરથી અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ તરફ જતા આસ્ફાલ્ટના માર્ગ પર એક લકઝરી બસ મધ્યમ ગતિએ આગળ વધી રહી છે... બસમાં પચાસેક ભક્તોનો સમુદાય આ અણમોલ પ્રવાસની અખંડ અનુભૂતિ પામવા થનગની રહ્યો છે...લકઝરીના કેસેટ-પ્લેયર પરથી રેલાતા શબ્દો સમગ્ર પરિસ્થિતિને પરમની ઉપસ્થિતિનું સ્મરણ કરાવે છે...

"પરમ શક્તિમેં લીન હૈ, દેખત સબમેં માત;
તાકે પદ વંદન કરું, જય જય નરેન્દ્રનાથ!"

હા... ભાવનગરના ભક્ત-સમુદાયના ભાવભર્યા આગ્રહથી અને મુંબઈનિવાસી શિષ્યા મૃદુલાબહેનના સંપૂર્ણ સહકારથી સદાસ્મરણીય સદ્‌ગુરુદેવ નરેન્દ્રદેવે તળાજા-મહુવા સુધીના એકદિવસીય પ્રવાસને પ્રસન્નતાપૂર્વક સ્વીકાર્યો છે... પૂ. કૈલાસબહેન, અમદાવાદના મુંજ, રમેશ, જોશીકાકા, કમલ જાની અને ભાવનગરનાં ભાવિકજનો – સહુની સન્મુખ અલાયદી બેઠક પર બિરાજમાન ગુરુદેવનાં નયનો નિજભક્તોના આનંદિત ચહેરા નિહાળીને પ્રસન્નતા પામી રહ્યાં છે... ૮મી ફેબ્રુઆરી ને સોમવારની એ સોનલવર્ણી સવાર પણ દોડી રહી છે લકઝરી બસની સાથોસાથ...પૂર્વમાં પ્રત્યક્ષ થયેલા આદિત્યની અજવાસી



આંખો બસની બારીમાં દશ્યમાન થતા એ તેજસ્વી મુખારવિંદને સ્પર્શે છે ત્યારે પરાવર્તિત થતા પ્રકાશમય સંદેશાઓ અનેકનાં મુખને અજવાળે છે... અહીં કવિ કલાપીનું 'ગ્રામ્યમાતા' યાદ આવે :

કુસુમવત્ ગણી બાળના ગાલ રાતા,
રવિ નિજ કર તેની ઉપર ફેરવે છે!

સદ્‌ગુરુદેવના સુખદ સાન્નિધ્યમાં સમગ્ર સમુદાય હવે અલંગના શીપ બ્રેકીંગ યાર્ડ સુધી પહોંચે છે. વહાણો તોડવાના આ જગમશહૂર યાર્ડના છેવાડા પર વહાણોની કેબિનો વગેરે ખરીદીને તેની સામગ્રી વેચતા વેપારીઓના જુદા જુદા વાડાઓ છે જેને તે લોકો 'ખાડાઓ' કહે છે. એવા જ એક ખાડાની મુલાકાત લઈને ત્યાં અલ્પાહાર કરીને સમગ્ર ભક્તગણ લકઝરી દ્વારા યાર્ડમાં પ્રવેશે છે. અહીં કસ્ટમ-ચેક-પોસ્ટ પાસેથી પસાર થઈ યાર્ડમાં ગમન કે નિર્ગમન થઈ શકે તેવી વ્યવસ્થા છે. યાર્ડના એક પરિચિત કસ્ટમ ઈન્સ્પેકટર મોખરે રહીને સહુનું માર્ગદર્શન કરે છે.

લકઝરી દરિયાકાંઠે યાર્ડમાં અટકે છે. સમર્થ સદ્‌ગુરુદેવના ચરણયુગલ યાર્ડની ડીઝલરંજિત રેતી પર પડે છે. શીપ બ્રેકીંગનું કાર્ય પૂરજોશમાં ચાલતું હોવાથી આજુબાજુ લોખંડ તૂટવાના ને મજૂરોના હોકારા-પડકારાના અવાજો સતત આવ્યા કરે છે. પ્રત્યેક કાર્યની ઝીણવટભરી માહિતી આપતા કસ્ટમ ઈન્સ્પેકટરને મન અત્રે ગુરુદેવનું આગમન એ જીવનની એક મહામૂલી ઘટના છે... ભિન્ન-ભિન્ન સ્થાને અટકી-અટકીને તેઓ આત્મજ્ઞાનીને વિજ્ઞાનની ખૂબ જ રસપ્રદ વાતો કરી રહ્યાં છે. ગુરુદેવને અનુસરતો ભક્તસમાજ પણ આસપાસ કાર્યરત એવાં મહાકાય મશીનો અને આયુષ્યના અંત પર આવીને ઊભેલી બુલંદ સ્ટીમરો તથા દરિયામાં દૂર દૂર રહી-સહી જિન્દગીમાં જાણે આખા આયખાની હકીકતો વાગોળતાં ઊભાં હોય તેવાં જહાજોને નિહાળી રહ્યો છે.

હજુ ગઈ કાલે જ યાર્ડમાં આવેલા એક યુદ્ધ-જહાજને અંદરથી જોવા માટેનો પ્રસ્તાવ પેલા ઈન્સ્પેકટર સહિત કેટલાંક ભક્તો ગુરુદેવના યુવાસ્વભાવ સમક્ષ મૂકે છે કે તરત જ તેનો સ્વીકાર થાય છે! બસ્સો ફૂટથી પણ વધારે ઊંચાઈ ધરાવતા જહાજ પર લોખંડની જુદી-જુદી આંતર-બાહ્ય સીડીઓ દ્વારા ચડવું તે બાબત લખવા જેટલી સરળ નથી! હા, જેને 'આ તો રોજનું થયું' એવું હોય તેવા આ વ્યવસાયને સંલગ્ન લોકો માટે આ બાબત સામાન્ય છે, પરંતુ ક્યારેય આવી સ્થિતિસ્થાપક સીડી (ચડવાથી હલવા માંડતી) ચડયા ન હોય તેમને માટે આ ખૂબ જ કઠિન કાર્ય છે.

વળી, ગોઠણથી નીચે અર્ધા પગ ખરડાય એવો અને સ્હેજ ચૂકી જવાય તો લપસી પડાય એટલો ચીકણો કાદવ તે જહાજની આસપાસના પંદરેક ફૂટ સુધીના વિસ્તારમાં છે... તેથી જ તો માત્ર પાંચ-છ યુવાનો સિવાયનાં તમામ ભક્તો કાંઠે જ અટકી ગયા છે. અનેકના હાલક-ડોલક થતાં વહાણોને સંતુલિત કરનાર એ ધર્મીવ સંત પાછળ આવતાં પૂ. બહેનજીનો હાથ પકડીને સંભાળપૂર્વક કાદવમાં આગળ વધવામાં તેમને ટેકો આપે છે... ગોઠણ સુધી પાયજામો ચડાવી દઈને કાદવમાં ડગ માંડતાં પરમહંસનાં ઋજુ ચરણયુગલ એટલે જ કાદવમાં કમળનું થવું...

હવે સીડી દ્વારા જહાજ પર જવાનું હોવાથી સીડીને એકાદ-બે વાર હલાવીને ચકાસી જોયા પછી ગુરુદેવ સડસડાટ પેલા ઈન્સ્પેકટરની પાછળ ચડી જઈને ઉપર ઊભા રહે છે. પૂ. કૈલાસબહેન પણ ધીરજપૂર્વક એક પછી એક પગથી ચડતાં જહાજના પ્રવેશ સુધી પહોંચી જાય છે. પાછળ અમદાવાદ ભાવનગરના ચાર-પાંચ યુવાન ભક્તો છે.

જહાજમાં અંધકાર છે. સહુ નાનકડી ટોર્ચની મદદથી આગળ ધપે છે. વિદેશી યુદ્ધજહાજનું આંતરિક અંધારણ ખરેખર લાજવાબ છે... રડાર-રૂમ, વોશ-રૂમ, કીચન, યંત્રસામગ્રી ઉપરાંત અનેક

નાની-મોટી કમિનો વિશે માહિતીસભર ચર્ચા કરતાં, લોખંડનાં પગથિયાં ને સીડીઓ ચડતાં, જહાજના સ્ટાફ માટેના ઈમર્જન્સી પ્રવેશદ્વારોમાં થઈને અંતે સહુ ડેક ઉપર સ્ટીઅરીંગ-રૂમ સુધી પહોંચે છે. તે રૂમની કાચની બારીમાંથી નીચે ટચુકડાં લાગતાં ભક્ત ભાઈ-બહેનો સામે પૂજ્ય ગુરુદેવ હાથ હલાવીને પ્રસન્ન ચિત્તે આશીર્વાદ પાઠવે છે.

અગાઉ પૂ. ગુરુદેવ અને બહેનજી વહાણની દરિયાઈ સફર ખેડી ચૂક્યાં હોવાથી તેમની પાસેથી પણ જહાજ અંગેની રસપ્રદ વાતો સાથે આવેલાં યુવાનોને જાણવા મળે છે. અહીંથી યુદ્ધ-જહાજનું તૂતક સ્પષ્ટ દેખાય છે. દસેક મિનિટ સ્ટીઅરીંગ-રૂમની ઉપર ગાળી સહુ નીચે ઊતરે છે.

જહાજ પરથી નીચે આવી કાદવિયો વિસ્તાર પૂરો કરીને ભક્તગણ તરફ આવતાં પૂજ્ય ગુરુદેવના કાદવવાળાં થયેલાં પદારવિંદને પખાળવા કેટલાક ઉત્સાહી ભક્ત ભાઈઓએ પાણી ભરેલો ખાડો તૈયાર કર્યો છે. વળી આ બહાને સદ્‌ગુરુનાં સુકોમલ ચરણનું પ્રક્ષાલન કરવાનો શુભ આશય પણ ખરો જ! ગુરુદેવે ખાડામાં પગ રાખતાં જ ઊમટી પડેલાં ભક્ત ભાઈ-બહેનો હોંશે-હોંશે એ ચરણ-યુગલને પખાળી રહ્યાં છે... એટલામાં જ કોઈ ઝડપથી પાણી ભરેલી ડોલ લઈને આવે છે, તો કોઈ ગુરુદેવને નિરાંતે બેસાડવા ખુરશી લેતું આવે છે... અને અલંગના દરિયાકિનારે ગુરુપૂર્ણિમાનું પર્વ હેલે ચડે છે, જાણે! એક તો સમર્થ સદ્‌ગુરુદેવનાં પરમપુનિત ચરણો, ઉપરથી સમુદ્રનું તીર્થજળ – કારણ કે તીર્થોમાંથી વહેતી નદીઓ સમુદ્રને મળે છે એટલે – અને તેમાં પણ પ્રકૃતિની વિશાળ ગોદ જેવો દરિયાકાંઠો ... આ અવસરે પાદ-પ્રક્ષાલનનો લહાવો લૂંટવામાં કોણ બાકી રહે?

પૂર્વે ક્યારેય ગુરુદેવનાં સંપર્કમાં નહીં આવેલા એવા યાર્ડમાં મજૂરી કરતાં કેટલાંક મજૂરો પણ ધીરે ધીરે નજીક આવે છે. તેમને પણ ગુરુદેવનાં ચરણ પખાળવાની અદમ્ય ઈચ્છા જાગી છે... પરંતુ મજૂરી કરીને ગંદા થયેલા પોતાના હાથ બતાવીને તેઓ નરનાથ સમક્ષ ઊભા રહે છે... અને... સ્મિતના સૂરો છેડીને ખૂબ જ સરળતાથી ગુરુદેવ તેમને સંમતિ આપે છે...!! કદાચ, પ્રાર્થના, મંત્ર કે ઉપાસનાથી તદ્દન અનભિજ્ઞ એ શ્રમજીવી મનુષ્યોના કાળા હાથ નરદેવની પારદર્શક દૃષ્ટિમાં અત્યંત શુદ્ધ ને નિર્મળ છે... અને ભાવવિભોર એ મહેનતકશ મજૂરો ગુરુદેવના પગ પખાળે છે ત્યારે ત્યાં ઉપસ્થિત ભક્તહૃદય પોકારી ઊઠે છે.

> "ધોવા દયો રઘુરાય, પ્રભુ મને શક પડયો મનમાંય
>
> તમારા પગ દોવા દયો રઘુરાયજી."

ખરેખર, આ ક્ષણે અલંગના સમુદ્રકિનારે ત્રેતાયુગીય શૃંગવેરપુર ખડું થયું છે.. માત્ર આંતરિક આકર્ષણથી કે સંચિત્ સત્કર્મોના પ્રભાવરૂપ કોઈ સાત્ત્વિક પ્રેરણાથી 'મા'મય મહાત્માના ચરણ પખાળતાં એ સાવ છેવાડાનાં માનવીઓમાં જ ક્યાંક કેવટ બેઠો છે તો ક્યાંક બેઠી છે એંઠાં સ્વપ્નો સાથે પરમની પ્રતીક્ષા કરતી અ-છૂત આસ્થા... જ્યારે જ્યારે આ દૃશ્ય સ્મૃતિપટ પર ઉપસે છે ત્યારે ત્યારે અલંગના એ સાગરકિનારાના શ્રમિકોની સજ્જનતાને દાદ આપવાનું મન થઈ આવે છે.

ચરણ-પ્રક્ષાલનનો આકસ્મિક જ પ્રાપ્ત થયેલો તે પ્રસંગ લક્ઝરીમાં બેઠા પછી પણ ભક્તોના મુખે ચર્ચાતો – હોંશભેર – હરખભેર ગવાતો રહે છે... યાર્ડના પશ્ચિમી છેડા સુધીના તમામ વિભાગોની ઊડતી મુલાકાત લેતી વખતે પૂજ્ય ગુરુદેવ બસના દરવાજામાં-પગથિયે ઊભા રહ્યા છે... ભાવનગરના બે યુવાન ભક્તો કે જેઓ આ યાર્ડના વેપારીઓ છે તેઓ યાર્ડ વિશેની વિગતો આપીને બધું દર્શાવી રહ્યા છે.

શીપ બ્રેકીંગ યાર્ડમાંથી નીકળીને લક્ઝરી બસ હવે તળાજા તરફ રવાના થાય છે. માર્ગમાં એકવાર મૃદુલાબેન વૉટર-બેગ તરફ નિર્દેશ કરીને ખુરશી પર બિરાજીત ગુરુદેવને પૂછે છે : "આપને પાણી આપું, ગુરુદેવ ?"

"મારા આ ભક્તો પણ મારી સાથે જ છે. તેમણે પાણી નથી પીધું તો હું પી શકું ? ગરમી અને તરસ તો બધાંને સરખાં જ લાગે છે." જવાબ મળે છે.

સવા અગિયારે અલંગથી નીકળીને બપોર ચડતાં સુધીમાં ગોપનાથ મહાદેવ પહોંચીને સહુ દર્શન કરે છે. કહેવાય છે કે અહીં ભક્તકવિ નરસિંહ મહેતાને ભગવાન શંકરે દર્શન આપ્યાં હતાં. ગરમીથી સંતપ્ત ભક્તસમાજ સાથે પૂજ્ય ગુરુદેવ અહીં લીલા નાળિયેરનું પાણી સ્વીકારે છે.

સૂર્ય હવે બરાબર માથા ઉપર છે...

હવે લક્ઝરી બસ તળાજા પ્રત્યે ગતિ કરી રહી છે... બસના કૅસેટ-પ્લેયરમાં 'ઉપાસકોને માર્ગ-દર્શન' આપતા પૂજ્ય શાસ્ત્રીજીનો મૃદુલ સ્વર ગૂંજી રહ્યો છે... તમામ ભક્તો એ પ્રવાહી બાનીને એક ધ્યાને ઝીલી રહ્યાં છે... રસ્તાની બંને બાજુએ સોરઠી ધરાની ઓળખ આપતા ડુંગરાઓ અને પસાર થતાં 'અસલ' ગામડાંઓ આંખને આનંદ આપે છે...

**તળાજા** ભાવનગર જિલ્લાનું ખૂબ જ જાણીતું ગામ છે. અહીં પાદરે એક શક્તિમંદિરના દ્વારે લક્ઝરી ઉભી રહે છે. સહુ ભક્તો ભોજન અને વિશ્રામ કરે છે. તમામ વ્યવસ્થા મૃદુલાબહેને કરી છે. કારણ કે તળાજા એ તેમનું માદરે વતન છે.

આખી બપોર વિશ્રામ કર્યા બાદ સાંજના સાડા-ચાર વાગ્યે યાત્રા પુનઃ આરંભાય છે. મહુવાના ભવાની મંદિર તરફ જતી તે લક્ઝરી બસ માર્ગમાં અનુભવે છે અનેક આધ્યાત્મિક પ્રતીતિ...

"લાવ તારો હાથ..."

—અચાનક જ સમર્થ સદ્‌ગુરુદેવ સસ્મિત વદને 'મુંજ'ને કહી રહ્યા છે. તેનો હાથ હાથમાં લઈ બીજા હાથથી હળવી ટપલી મારતાં જ 'મુંજ'ના બડભાગી હાથમાંથી સુવાસ પ્રગટે છે...!

"જો, સૂંઘી જો..." નરનાથ પોતાનો હાથ તેના નાકે લગાવે છે તો તેમાંથી પણ સુરભિના શાતાપ્રદ ફુવારા છૂટી રહ્યા છે !!

પછી તો મૃદુલાબહેન અને પૂ. કૈલાસબહેનને પણ એ સુરભિત પ્રસાદી પૂ. ગુરુદેવ આપે છે અને... પળવારમાં તો સમગ્ર બસમાં એ શીતળ સુરભિ ફરી વળે છે... અરે, બસના લાઉડ-સ્પીકરમાંથી પણ ગુરુદેવના સ્વરની સાથે મીઠી-મીઠી સુરભિ સંભળાય છે...

—આવી સુરભિત આધ્યાત્મિક અનુભૂતિમાં ગરકાવ ભક્ત-સમુદાય સદ્‌ગુરુદેવના સંગાથમાં મહુવા પહોંચે છે. નાળિયેરીના નાનકડા વનને વીંધીને લક્ઝરી બસ ભવાની માતાના મંદિરથી દોઢેક કિલોમીટર દૂર ઊભી રહે છે. અહીંથી રેતાળ મારગ પર ચાલતાં જવાનું છે. રેતીના થરવાળા તે રસ્તા પર અજબ સ્ફૂર્તિથી ચાલતા ગુરુદેવ સહુથી આગળ છે. થકાવટને જ રૂકાવટ માનનારો આ કર્મયોગી મા સુધી પહોંચવાના મારગ પર ક્યારેય થાક્યો નથી.

દરિયાકિનારે સ્થિત મહુવાના આ ભવાનીમંદિર વિશે એમ કહેવાય છે કે ભગવાન શ્રીકૃષ્ણે રૂક્મણિજીનું અપહરણ અહીંથી કર્યું હતું... માતાજીનાં દર્શન કરીને ભક્તો સાથે ગુરુદેવ મંદિરના ઉપરના ભાગ પર ચઢીને આસપાસ પ્રકૃતિએ પાથરેલી સુંદરતા નિહાળે છે.

[ આધ્યાત્મિક કેડી, જુલાઈ, '૯૩



Scanned by CamScanner

સૂર્ય હવે ધીરે ધીરે ક્ષિતિજ તરફ ઢળતો જાય છે. પશ્ચિમનો કસુંબલ રંગ નિહાળીને સ્મિતભાષીનું મુખ પ્રસન્નતાપૂર્વક કહી રહ્યું છે. "જુઓ, પેલો લાલઘૂમ સૂર્ય... એ જ્યારે ઊગે છે ત્યારે પણ તેનો આ જ મિજાજ હોય છે અને અત્યારે આથમી રહ્યો છે ત્યારે પણ એવો જ ગર્વિષ્ઠ ને ઉદાત્ત દેખાય છે... અસ્તાચળે જતાં આદિત્ય પાસેથી આ શીખવાનું છે."

જેની પ્રત્યેક વર્તણૂક માનવજીવનને ઉપયોગી સંદેશ આપ્યા કરે છે તેવા બોધમય સદ્‌ગુરુદેવની સાથે ભક્તગણ હવે બસ દ્વારા ભાવનગર પરત થઈ રહ્યો છે... માર્ગમાં ભક્તોને થયેલા ભિન્ન–ભિન્ન આધ્યાત્મિક અનુભવો અને મા તથા ગુરુદેવની કૃપાના અનેકાનેક પ્રસંગો કહેતાં–સાંભળતા અને મા ગાયત્રી અને સદ્‌ગુરુદેવનો જયજયકાર કરતાં સહુ ભાવનગર પહોંચે છે.

હજુ ભક્તહૃદય આતુર છે ગુરુદેવના અલૌકિક સામીપ્યની એક–એક ક્ષણોને ખોબે–ખોબે ભરી લેવા માટે... ગુરુદેવના ઉતારાની બહાર ભક્તો ઊભા રહ્યા છે...૧૪ કલાકના પ્રવાસ પછી પણ હજુ કંઈક ખૂટે છે એવું લાગ્યા કરતું હશે એ ભક્તોને... તેથી જ ભક્તોની ભાવના જાણીને પ્રસન્ન ચિત્તે ખંડમાંથી બહાર આવીને ઓસરીમાં ઊભા રહી સમર્થ સદ્‌ગુરુદેવ સન્મુખ ઊભેલા ભક્તોને હાથ ઊંચો કરી પદ્યાત્મક આશીર્વાદ આપે છે:

"ચૌદ કલાકના લકઝરી પ્રવાસના સંગમાં,
'મા'ની કૃપાના સાથમાં,
જે માણ્યો આનંદ, તે યુગો યુગો સુધી
અખંડ રહે તમ જીવનમાં!"

અને...

ભાવવિભોર ભક્તગણ જયકાર કરે છે:

"સદ્‌ગુરુદેવ કી....જય !"
"ગાયત્રી માતકી....જય !"

□


મા ગાયત્રીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશિષ
હરહંમેશ વરસતા રહો એવી વિનંતી સહ—

**પેટ્રોલિયમ પ્રોડકટ્સ** ✱ ફોન. નં. 366943

મેન્યુફેકચરર્સ એન્ડ માર્કેટીંગ સોસાયટી
સૂરજ બ્રાન્ડ બ્લ્યુ પાવડર તથા સૂર્યા બ્રાન્ડ લીકવીડ બ્લ્યુના ઉત્પાદક

★

બોબીનવાલા એસ્ટેટની બાજુમાં, નાગરવેલ હનુમાન રોડ, રખિયાલ ✱ અમદાવાદ–380 023




Scanned by CamScanner

# શાસ્ત્રીજીનો ધ્વનિમુદ્રિત અવાજ

જનમાનસમાં અંકિત થયેલા અમદાવાદના ગાયત્રી ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજીની મુલાકાતે આવતા વિશાળ ભક્ત-જન-સમુદાયને માટે તેમના શબ્દો અને અવાજ એક સંજીવની સમાન નીવડતા રહ્યા છે. એક વાર તેમના સંગમાં રંગાઈ ગયા પછી સૌ કોઈ માટે તેમની અનુપસ્થિતિ વસમી બની રહે છે. તેમનો વિરહ સામાન્ય જનસમુદાયને માટે એક આધ્યાત્મિક શૂન્યાવકાશની અનુભૂતિ કરાવે છે. આથી કેટલાક ભક્તોએ એક દિવસ પૂ. શ્રીને વિનંતી કરી કે,

"અમને જ્યારે પણ ઇચ્છા થાય ત્યારે આપનો અવાજ સાંભળી શકીએ અને માર્ગદર્શન મેળવી શકીએ એવી કંઈ ગોઠવણ કરી આપો..."

સંધ્યા વિદાય લઈ ચૂકી હતી. કુટિરમાં આવેલા મોટા ભાગના ભક્તો વિદાય લઈ ચૂકયા હતા. કુટિર સમેટાઈ રહી હતી. માતાજીનાં દ્વાર ખુલ્લાં હતાં. ભક્તોની વિનંતી સાંભળી મા જાણે મરક મરક મલકી રહ્યાં હોય તેમ લાગતું હતું. માની છબી પાસેની ઘૃતદીપ પ્રજ્વળી રહ્યો હતો. પૂ. શ્રી એક તરફ ઊભા હતા. તેમની આસપાસ થોડાક ભક્તો વીંટળાઈ વળ્યાં હતાં. ભક્તો તરફથી જ્યારે ઉપરોક્ત વિનંતી કરાઈ ત્યારે થોડીક પળો મૌન ધારણ કર્યા બાદ તેમણે પોતાના અવાજને ધ્વનિમુદ્રિત કરી આપવાનું સ્વીકાર્યું.

ભક્તોની આ વિનંતીના અનુસન્ધાનમાં પૂ. શ્રીએ પોતાના અવાજને એક નહિ, પણ ત્રણ ત્રણ ઓડિયો કેસેટ્સમાં ધ્વનિમુદ્રિત કરી આપ્યો એ ત્રણ ઑડિયો કેસેટ્સ આ પ્રમાણે છે:

(૧) ઉપાસકોને માર્ગદર્શન, (૨) મારાં સંસ્મરણો, (૩) સાક્ષાત્કાર.

'ઉપાસકોને માર્ગદર્શન'ની કેસેટમાં કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયની વ્યક્તિને જીવન અને ઉપાસનામાં ઉપકારક નીવડી શકે તેવું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આ માર્ગદર્શન ભૌતિક તેમ જ આધ્યાત્મિક બંને રીતે દિશાસૂચક નીવડે તેવું છે. જીવનની વિટંબણાઓથી માંડીને તે ઠેઠ ઈશ્વર-પ્રાપ્તિ કે સાક્ષાત્કાર સુધીના વિવિધ તબક્કાઓ પરત્વે પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરી માર્ગ દર્શાવ્યો છે. તેમના શબ્દો અને અવાજ જિંદગીના વિવિધ ભૌતિક તેમ જ આધ્યાત્મિક વળાંકોને, અવરોધોને પાર કરવા જાણે આંગળી પકડી જીવાત્માને દોરતા હોય તેવી પ્રતીતિ થાય છે.

પૂ. શ્રીએ ઈશ્વરના અસ્તિત્વની હકીકતને જે રીતે પ્રસ્થાપિત કરી આપી છે તે બાબત હૃદય સોંસરવી ઊતરી જાય તેવી છે. તેમણે અસ્તિત્વમાં ઈશ્વરની અનુભૂતિ ઊગવાની જે વાત કરી છે તે સાંભળતાં જ અસ્તિત્વમાં ઈશ્વરની અનુભૂતિનો ઉદય થતો અનુભવાય છે.

તેમણે માતાજીનાં – ઈશ્વરનાં દર્શન, ધર્મ અને સમ્પ્રદાય, જ્ઞાનપ્રાપ્તિ, આધ્યાત્મિક પ્રગતિ, પ્રારબ્ધ અને પુરુષાર્થ જેવા આધ્યાત્મિકતામાં ઉપયોગી એવા મુદ્દાઓનો આ કેસેટમાં સમાવેશ કર્યો છે. ઉપરાંત તેમણે જીવન, સંસાર, જગત અને આધ્યાત્મિકતા અંગે પોતાનું વલણ અને દૃષ્ટિબિંદુ રજૂ કર્યાં છે, જે સૌને દિશાસૂચક નીવડશે.



Scanned by CamScanner

'મારાં સંસ્મરણો' કેસેટમાં પૂ. શ્રીએ સ્વમુખે પોતાના જીવનના કેટલાક પ્રસંગોનું વર્ણન કર્યું છે, જે રસપ્રદ ને પ્રેરક છે. આ પ્રસંગોમાં જીવન પ્રત્યેની તેમની પોતીકી દૃષ્ટિ અને સમજણ સ્પષ્ટ રૂપે તરી આવે છે. આ દૃષ્ટિ અને સમજણ ખાસ કરીને યુવાનોને વિશેષ ઉપકારક નીવડશે. તેમનો જીવન, સંસાર, જગત અને આધ્યાત્મિકતા પ્રત્યેનો અભિગમ સૌને પ્રેરણાદાયી નીવડશે.

સૌને વિદિત હશે જ કે, પૂ. શ્રી વારંવાર જણાવે છે કે,

**"મેં તો બાળપણથી માત્ર માતાજીના જપ જ કર્યા છે, સ્મરણ જ કર્યું છે, બીજું કંઈ જ નથી કર્યું, મારી પાસે બીજું કંઈ નથી."**

પણ આ પ્રસંગો સાંભળતાં પ્રતીત થાય છે કે શાસ્ત્રીજી સ્વયં જ્ઞાન અને ભક્તિનું પ્રગટ રૂપ છે. તેમણે જ્ઞાનને આત્મસાત્ કર્યું છે. ભક્તિની શક્તિને અસ્તિત્વમાં એકાકાર કરી છે. તેમનું જીવન એક મોટા ગ્રંથ જેવું છે; જેમાં જીવન, સંસાર, જગત અને આધ્યાત્મિકતાની અનેક વાતો ભરી પડી છે. અને તેથી જ તેઓ મિતભાષી છે. મૌન રહેવાનું વિશેષ પસંદ કરે છે અને આચરણને મહત્ત્વ આપે છે. તેઓ બને એટલું ઓછું બોલીને કે મૌન રહીને આગંતુકને દિશાદર્શન કરાવે છે ને સમજણ આપે છે. કલ કલ ખળ ખળ વહેતી કોઈ સરિતાનાં શીતળ વારિ જેવું તેમનું મૌન મુખર (વાચાળ) બને છે તે સાંભળવાનો પણ એક લહાવો છે. એ લહાવો આ કેસેટોમાંથી પ્રાપ્ત થાય છે.

---

**"શાસ્ત્રીજી સ્વયં જ્ઞાન અને ભક્તિનું પ્રગટ રૂપ છે. તેમણે જ્ઞાનને આત્મસાત્ કર્યું છે. ભક્તિની શક્તિને અસ્તિત્વમાં એકાકાર કરી છે. તેમનું જીવન એક મોટા ગ્રંથ જેવું છે, જેમાં જીવન, સંસાર, જગત અને આધ્યાત્મિકતાની અનેક વાતો ભરી પડી છે."**

---

કેસેટના આરંભમાં જ —

પોતાના જીવનકાળના આરંભનું વર્ણન કરતાં તેમણે જણાવ્યું છે :

"આ પૃથ્વી પર મેં માનવદેહ ધારણ કર્યો."

તેમના આ શબ્દો જ તેઓ દૈવી હોવાની પ્રતીતિ કરાવે છે.

તેમણે પોતાના અભ્યાસને તિલાંજલિ આપવાના પ્રસંગને પોતાનો 'પરાજય' ગણાવ્યો છે.

લગ્નનો પ્રસંગ વર્ણવતાં તેમણે લગ્ન, લગ્નકાળ અને યુવાની અંગે પોતાનો જે પ્રતિભાવ દર્શાવ્યો છે તે ખૂબ હૃદયસ્પર્શી અને એક અનોખી સમજણ ઉગાડે તેવો છે. કદાચ તેમના શરીર અને વ્યક્તિત્વની મોહકતામાં તેમનું આ દૃષ્ટિબિંદુ જ કારણભૂત હોય તેમ લાગે છે. અભિગમ અને આચરણ, વિચાર અને આચાર એક બને છે ત્યારે જ શરીર તંદુરસ્ત ને વ્યક્તિત્વ મોહક ને તેજસ્વી બની શકે છે.

તેમણે પોતાનું દૃષ્ટિબિંદુ વર્ણવતાં જણાવ્યું છે :

**"મનમાં વિચાર હતો કે હે યુવાન, તું ૨૫ વર્ષનો થાય ત્યાં સુધી લગ્નનો વિચાર કરીશ નહિ. શરીરને ખડતલ બનાવજે. મનને દૃઢ કરજે કે તારે પથ્થર પર પડવાનો પ્રસંગ આવે તો પથ્થરને તારો ડર લાગવો જોઈએ, તને નહિ."**



Scanned by CamScanner

આમ વજ્રથી પણ કઠોર અને પુષ્પથી પણ કોમળ એવા વ્યક્તિત્વનો આપણને સૌને આજે અનુભવ થઈ જ રહ્યો છે. ઉપરાંત જીવન પ્રત્યેની તેમની ખુમારી, માતાપિતાની ઇચ્છાને શિરોધાર્ય કરવાની તેમની વાત, તેમની કુટુંબભાવના, અને યુવાનીકાળના પોતાના ઉગ્ર મિજાજને શાંત બનાવવાના ગુણો આ પ્રસંગ પરથી વ્યક્ત થાય છે. તેમણે પોતાના ઉગ્ર મિજાજને શાંત બનાવતાં જણાવ્યું છે :

**"૧૯૫૬થી હું શાંત થતો ગયો અને ૧૯૬૦ સુધીમાં હું એકદમ શાંત થઈ ગયો, કે કોઈ બે શબ્દો બોલે તો પણ કાંઈ નહિ."**

ગણપતિના વરઘોડાના પ્રસંગના નિરૂપણમાં લાઠી વીંઝવાની જે હકીકત જણાવી છે તે સાંભળતાં લાઠી વીંઝવાનું દૃશ્ય નજર સામે તાદૃશ થતું અનુભવાય છે. લાઠી વીંઝવાનું તેમનું કૌશલ અને તીવ્રતાને કારણે મારામારી કરવા આવેલા અન્ય જૂથના લોકો દૂર ભાગી ગયા. એમાં યુવાનીકાળનો ઝનૂની મિજાજ અને ખાસ તો પોતાના સાથીઓની રક્ષા કરવાની તેમના હૃદયની ઊંડી ભાવનાનાં જ દર્શન થાય છે.

તેમણે આ હકીકત વર્ણવતાં જણાવ્યું છે :

**"આ બનાવ બન્યા બાદ મને મારી શારીરિક પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો."**

આ ખ્યાલમાં શું ભર્યું પડયું હશે તે ચિંતનનો વિષય છે.

તેમણે માતા-પિતાના કડપની-બંધનની જે વાત કરી છે તે આજે પણ યુવાનો-વડીલો બન્ને પક્ષે વિચારવા જેવી છે.

તેઓ માતા-પિતાના એક માત્ર પુત્રસંતાન છે. એક વત્સલ ભાવે પુત્ર માટે માતા-પિતાની અધીરાઈ સ્વભાવિક લેખી શકાય છે પણ એ વત્સલસભર અધીરાઈ આજે પણ ઘણા માતા-પિતા પોતાનાં સંતાનો માટે અનુભવતાં હશે પણ એથી સંતાનોની પ્રગતિમાં ક્યાંક અવરોધ તો નથી આવતો ને તેનો પણ સહેજ વિચાર કરી લેવો જરૂરી લાગે છે. પોતાના એક માત્ર પુત્ર-સંતાનને આંખથી જરાય અળગો ન કરતા માતા-પિતાએ માતાજીના આદેશને અનુસરી ચાલતા દીકરા નરેન્દ્રને અનિચ્છાએ અમદાવાદ મોકલ્યો. પોતાની આંગળીએ વળગાડીને ફરતાં પરસન બા આજે એના 'રાજા'ના બરડે હાથ ફેરવી વ્હાલીપાની અનુભૂતિને અંતરમાં ધરબીને લોકસેવાર્થે ઠેઠ વિદેશની ભૂમિ સુધી પહોંચાડવા આશીર્વાદ અને અનુમતિ આપે છે તે સમયની તાસીર છે. માતાપિતાના એ કડપમાં વાત્સલ્યની અવધિ છે, પણ જીવનમાં ગમે તેટલાં કડક બંધનો લદાયાં હોય, પણ સમય સમયનું કામ કર્યે જ જાય છે અને જે નિર્માણ છે તે બંધનોભેદીને પણ પ્રગટે છે.

બંધનોનો અનુભવ કરવો, એમાં જિંદગી પસાર કરવી અને સંજોગો સાથે અનુકૂલન સાધી આત્મમસ્તીમાં મસ્ત બનીને રહેવું એ પણ એક કસોટી છે-સહનશીલતા અને ધૈર્યની. અનુકૂલન સાધવાની વૃત્તિમાં જ અહમના ત્યાગની ક્ષણો અંકુરિત થાય છે.

ક્લબમાં બેડમિંગ્ટન રમતાં જેણે તેમના પર તાંત્રિક વિદ્યા કરી હતી તે પ્રસંગમાં તેમનામાં સંક્રાન્ત થયેલી પરમ તત્ત્વની શક્તિની ખુમારીનાં દર્શન થાય છે. તે તાંત્રિક પાછળથી તેમને ભેટતાં જ સારો થઈ ગયો તે દર્શાવે છે કે તે કાળે પણ તેમનામાં અખૂટ શક્તિ ભરી પડી હતી. પરમ તત્ત્વની શ્રદ્ધા અને શરણાગતિ જ આવી ખુમારી લાવે છે.

[ આધ્યાત્મિક કેડી, જુલાઈ, '૯૩



Scanned by CamScanner

ફિલ્મ ક્ષેત્રે સ્વ. પૃથ્વીરાજ કપૂરના સ્ટુડિયોમાં screen test (ફિલ્મી પડદા પરની પરીક્ષા)માં પસંદગી પામ્યા હોવા છતાં પિતાની અનિચ્છાને તેમણે માથે ચડાવી. તેમણે જણાવ્યું છે :

"ધીરે ધીરે ધીરે રસ ઓછો થઈ ગયો."

અહીં ધીરે ધીરે શબ્દનું પુનરાવર્તન ખૂબ સૂચક છે.

જિંદગીમાં આવી ઘણી ઘટનાઓ બનતી હોય છે. ધીમે ધીમે પ્રયત્ન કરીને મનને બીજે વાળી શકાય છે એવો બોધ એમાંથી મળે છે.

સોપારીનો પ્રસંગ કે સાધુનો પ્રસંગ જણાવે છે કે તેમનામાં જગતજનનીની શક્તિ સતત ગતિશીલ રહી છે. એમાં નિષ્કામ આધ્યાત્મિક ભાવના પ્રતીત થાય છે. આધ્યાત્મિક શક્તિનું પ્રદર્શન ન હોય, એને તો આત્મસાત્ જ કરવાની હોય તેવો ધ્વનિ સાધુના પ્રસંગમાંથી સ્પષ્ટ સંભળાય છે.

મહા શિવરાત્રીએ માળા આપ્યાના પ્રસંગના નિરૂપણ પછી જણાવ્યું છે :

**"મારી બંધ આંખે મારા આંતર ચક્ષુ સમક્ષ માતાજીને હું જોઈ શકતો હતો."**

અહીં ખૂબ જ સહજ રીતે દિવ્યચક્ષુનો ઉઘાડ થયો હોય તેમ લાગે છે અને તેમણે ખૂબ જ સહજ રીતે તેનું નિરૂપણ કર્યું છે. એ નિરૂપણ તેમના શબ્દો અને અવાજ, સાંભળતાં જ જાણે સહજ ભાવે બંધ આંખો આંતર ચક્ષુ સમક્ષ માતાજીના દર્શનની, તેમની ભવ્યતાની લૌકિકતાની અનુભૂતિનો અહેસાસ થાય છે.

'**મારા સંસ્મરણો**' સાંભળતાં પ્રતીત થાય છે કે પૂ. ગુરુદેવનું જીવન એક અગાધ સમુદ્ર જેવું છે. એમાં ડૂબકી મારીશું તો અમૂલ્ય જ્ઞાન પ્રાપ્ત થશે અને ભક્તિની શક્તિનો સંસ્પર્શ આપણને થતાં પાવનતાનો અનુભવ કરી શકીશું એમ લાગે છે.

'સાક્ષાત્કાર'ની કેસેટમાં તેમણે આરંભથી આજ સુધીના સાક્ષાત્કારના પ્રસંગોનું ટૂંકમાં વર્ણન કર્યું છે.

આજે જનજીવન અત્યંત વ્યસ્ત બની ગયું છે ત્યારે ઘણાને થોડો સમય પણ બેસીને પુસ્તકો વાંચવાનો અવકાશ નથી મળતો તેવા લોકોને માટે આ કેસેટો ઘણી ઉપયોગી પુરવાર થશે. ઘરમાં ફરતાં ફરતાં કે કામ કરતાં નરેન્દ્રજીનો અવાજ અને માર્ગદર્શન કાનમાં ગૂંજતા રહેશે અને તેમના સામીપ્યનો અનુભવ મેળવી શકાશું.

— **એક શ્રોતા**

□



Scanned by CamScanner

મા ગાયત્રીની કૃપા અને પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત

લોખંડ તથા ગેલ્વે. પાઈપના હોલસેલ ડીલર્સ

ડીલર્સ : * ગુજરાત સ્ટીલ ટ્યુબ્ઝ લિ. * અજન્ટા ટ્યુબ્ઝ લિ.

* એશિયન ટ્યુબ્ઝ પ્રા. લિ. * જીંદાલ પાઈપ્સ લિ.

## વિકાસ ટ્રેડીંગ કોર્પોરેશન

૬, ચાણક્ય, બીજે માળે, દિનેશ હોલ પાસે,
આશ્રમરોડ અમદાવાદ – ૩૮૦ ૦૦૯
ફોન : (O) ૪૨૭૨૩૩ / ૪૨૭૭૩૪-૩૫
(R) ૪૭૮૪૭૭ / ૪૭૨૫૦૧

## વિકાસ પાઈપ ડીલર્સ

માલ-ગોડાઉન
મહેસાણા – ૩૮૪ ૦૦૨
ફોન : (O) ૨૦૯૬૪ / ૨૦૨૬૫
(R) ૨૧૦૯૭ / ૨૧૪૯૫

શુભેચ્છા સહિત :

ઘર : ૩૬૫૦૫
ફેકટરી : ૬૩૨૧૫૪

## ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર

# ડૉકટર જયંત ફેબ્રીકસ

હેવી ડ્રેસ મટીરીયલ્સ પોલીસ્ટર

: ફેકટરી :
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધના રોડ, સૂરત

: રહેઠાણ :
૯/૫૬૮, કોટસફીલ રોડ,
સૂરત-૧

# મારી અનુભૂતિ

## ૧. જિંદગીની વસંત

ગુરુદેવના આશીર્વાદ અને ગાયત્રી માની કૃપાથી અમારે ત્યાં ૧૧ વર્ષે પારણું બંધાયું છે. પુત્રજન્મ થયો છે. બાબાની તબિયત ઘણી જ સારી છે. માની કૃપાથી ચિંતા કરવા જેવું કશું જ નથી. અમારા આખા કુટુંબમાં આનન્દ છવાઈ ગયો છે.

અમારી નિરાશ બનેલી જિંદગીમાં વસંતઋતુ લહેરાઈ ઊઠી છે. ખરેખર, માની અસીમ કૃપા ક્યારે થાય તે કહી શકાતું નથી. છોરું કછોરું થાય, પણ માવતર કદી કમાવતર ન થાય એ કહેવત આજે અમારા માટે સાચી પડી છે. અમે એનો અનુભવ કરી રહ્યાં છીએ. માની કૃપાનું માપ કોણ કાઢી શકે? જેમને અનુભવ થાય તેને જ ખબર પડે.

સન્તાન પ્રાપ્તિ માટે મેં ગુરુદેવને વાત કરી હતી. તેમણે જળ આપ્યું હતું. તે હું દરરોજ પીતી હતી. સાથે ચણા લેવા અને ગાયત્રી મંત્રજપ કરવા જણાવ્યું હતું.

તેમણે કહ્યુ હતું: "તમને જરૂર સંતાન થશે."

ઘણી વાર મારી ધીરજ ખૂટી જતી હતી. પણ ગુરુદેવ અને માતાજીમાં શ્રદ્ધા હોવાથી અમને પુત્ર પ્રાપ્ત થયો છે.

આવી જ રીતે જીવનની દરેક પળે પૂ. ગુરુદેવના આશીર્વાદ અને માની કૃપા અમારા સૌ પર વરસતાં રહે તેવી નમ્ર પ્રાર્થના છે. માની સેવા કરવાની શક્તિ મળે એવા આશીર્વાદ ઈચ્છું છું.

રીટાબહેન પટેલ (શિકાગો)

*

## ૨. ગાય દૂધ આપતી થઈ

હું એક પટેલનો પુત્ર છું. ખેતી એ અમારો મુખ્ય ધંધો છે. મારે ત્યાં એક ગાય છે, જે દરરોજ પાંચ લીટર દૂધ આપતી હતી. તેને અચાનક એવી બીમારી થઈ કે તેણે બિલકુલ દૂધ આપવાનું બંધ કરી દીધું. સાથે સાથે વાછરડાને ધવડાવવાનું પણ બંધ કરી દીધું. ગાય દૂધ આપતી બંધ થાય એટલે એ ગાયની શું પરિસ્થિયતિ થાય તે તો જે ગાય રાખતું હોય તે જ જાણે. મારી ગાયે સાત દિવસ સુધી દૂધ ન આપ્યું. ગાય તેની પાસે પણ અમને ન જવા દે. પાસે જતાં જ મારવા આવે. પગ બાંધવા જઈએ તો લાત મારે.

ડૉક્ટરને બોલાવ્યા તે પણ કશું કરી ન શક્યા. માતાજીને પણ મેં ઘણી વિનંતી કરી, પણ કોઈ પરિણામ આવ્યું નહિ. દોરા-ધાગા કરાવ્યા પણ તેથી પણ કશું થયું નહિ! હવે કોઈ ઉપાય ન દેખાતાં મેં ગુરુદેવ પાસે જવાનું નક્કી કર્યું. આમ નક્કી કરતાં જ તે જ દિવસે બપોરે ગાયે બે લીટર દૂધ આપ્યું. ગુરુદેવને મળવા ગયો તે દિવસે પણ ગાયે બે લીટર દૂધ આપ્યું.

ગુરુદેવને હકીકત જણાવતાં તેમણે ગાય માટે જીવનજળ આપ્યું, જે ગાયને પીવડાવતાં ગાય પહેલાંની જેમ દૂધ આપતી થઈ ગઈ. તે પૂર્વવત્ ડાહી-નરમ બની ગઈ છે.

જીવનજળની પશુ પર પણ અસર થાય છે, જે મા ગાયત્રીના ભક્તોની જાણ ખાતર રજૂ કરું છું.



Scanned by CamScanner

# વાર્ધક્યને આરે

જીવનમાં ઉદ્‌ભવતી ઘણી પરિસ્થિતિઓ આપણી જ ભૂલોનું પરિણામ હોય છે. કારણ કે આપણે ઘણી વાર દીર્ઘદૃષ્ટિથી વિચારતા જ નથી, વિચારવા માટે થોભતા જ નથી. જીવનની ઘણી વાસ્તવિકતાઓનો સ્વીકાર કરતાં પણ આપણે શીખ્યાં નથી. પરિણામે આપણે જીવનમાં ઘણું સહન કરવું પડે છે.

જીવન, સંસાર અને આધ્યાત્મિકતાનાં રહસ્યો સમજવા આપણે બહાર ફાંફાં મારીએ છીએ, પરંતુ તે આપણા જ જીવનમાંથી, આપણા જ સંસારમાંથી, આપણા જ આચરણમાંથી તે પ્રાપ્ત થાય છે. આથી જીવનમાં ઉપસ્થિત થતી વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જ પડે છે. પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધી, સમય, સંજોગ જોઈ–વિચારીને એમાંથી માર્ગ–ઉકેલ આણવો પડે છે. એમ કરીને જીવનની ગાડીને પાટા પર ચડાવવી જ પડે છે.

આ હકીકતના સંદર્ભમાં હું એક પ્રસંગ રજૂ કરીશ.

લક્ષ્મીપ્રસાદ ૧૯૭૭થી મારી પાસે અવારનવાર આવે છે. એક વાર તેમને પત્ની સાથે ઝઘડો થયો. મતભેદો વધતા ગયા. અને મનભેદ સર્જાયો અને બંને પતિ–પત્ની છૂટાં પડયાં. એટલું જ નહિ, તેઓ છૂટાછેડા લેવા પણ તત્પર થયા. કોર્ટમાં કેસ ચાલ્યો. છૂટા પડયા બાદ બન્ને એક જ ફળિયામાં સામસામે ઘરમાં રહે. બાળકો લક્ષ્મીપ્રસાદ સાથે રહ્યાં. લક્ષ્મીપ્રસાદ બાળકોને સંભાળે ને જાતે રાંધીને ખવડાવે. સામે ઘરમાં રહેતી પત્ની પણ આ બધું જુએ. તેને બાળકોની દયા પણ આવતી, પણ તેને પોતાનાં બાળકોની સાર–સંભાળ લેવામાં પણ તેનો અહમ્ નડતો હતો. બન્ને પતિ–પત્ની ઘરમાંથી પણ એકબીજા સામે ઘુરકિયાં કરતાં રહે. બન્ને પતિ–પત્ની અલગ અલગ ઘરમાં જુદા રહેવા છતાં એકમેક પ્રત્યેના તિરસ્કાર ભાવથી પણ જોડાયેલાં રહેતાં...

લક્ષ્મીપ્રસાદ અવારનવાર મારી પાસે આવતા અને પોતાની વિષમતાની વાત કહેતા. ઘરકામ અને બાળકોની સંભાળ રાખવી તેને માટે ખૂબ અઘરી બાબત હતી. આથી હું તેમને વારંવાર પત્ની સાથે સમાધાન કરી લેવાનું કહેતો, પણ લક્ષ્મીપ્રસાદ માને ત્યારે ને?...

આમ કરતાં કરતાં લગભગ તેરેક વર્ષનો ગાળો વીતી ગયો.

એક વાર કોર્ટમાં મુદત પડેલી. તેઓ મને મળવા આવ્યા ત્યારે કુટિરમાં દામ્પત્યના આવા જ વિખવાદની વાત ચાલી રહી હતી, કે જેમાં દામ્પત્યના વિખવાદને પરિણામે માતા–પિતાથી વિખૂટો પડેલો પુત્ર પોતાની માને જ ન ઓળખી શકયો. પિતાનું છત્ર ગુમાવ્યા બાદ સમય, સંજોગ અને પ્રારબ્ધવશાત્ વિદેશની એક મોટી કંપનીમાં એંજિનિયર તરીકે નોકરી કરતા ને વૈભવમાં આળોટતા પુત્રની જનેતા કંગાળ હાલતમાં જીવનનો શેષ સમય પસાર કરી રહી હતી!...

આ પ્રસંગની ચર્ચા પૂરી થયા પછી લક્ષ્મીપ્રસાદે મને તેમના કેસના મુદતની વાત જણાવી એટલે મેં તેમને કહ્યું:

"લક્ષ્મીપ્રસાદ! દામ્પત્યનો આનન્દ માણવાના દિવસો તો પસાર થઈ ગયા. હવે ઘડપણ સામે આવી ઊભું છે ત્યારે સવિતાબહેન સાથે સમાધાન કરી લો ને પાછલી જિંદગીમાં સંપથી રહો."

લક્ષ્મીપ્રસાદના હૈયે રામ વસ્યા હશે, તે યૌવનકાળમાં દામ્પત્યના સહચર્યનો આનન્દ માણવા ટાણે જ વિખૂટાં પડેલાં લક્ષ્મીપ્રસાદ અને સવિતાબહેન વાર્ધક્યને આરે આવી ઊભાં રહેતાં ૧૩–૧૪ વર્ષોના વિરહ–વિખવાદ બાદ દામ્પત્યની વિષમ–કટુ લાગણીઓને વિસારે પાડી સમાધાન કરી ભેગાં થયાં...

[ આધ્યત્મિક કેડી, જુલાઈ, '૯૩



Scanned by CamScanner

દામ્પત્ય વિખવાદ અને છૂટાછેડા આપણા સમાજની એક મોટી સમસ્યા બની રહી છે. ખાસ કરીને યુવાન દંપતીઓમાં વિખવાદ અને છૂટાછેડાનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે. આ પરિસ્થિતિ ઉચિત નથી. એમાં મોટે ભાગે તો સહનશક્તિ, દીર્ઘદૃષ્ટિ અને વિચારશીલતાનો જ અભાવ અને ઊણપ કારણભૂત હોય છે. દરેક દંપતી જો આ અભાવ અને ઊણપને પરિપૂર્ણ કરવાનો પ્રયત્ન કરે તો દામ્પત્યજીવનમાં સુમેળ અને સંવાદિતા અવશ્ય સર્જી શકાશે...

બહેન ચેતના ઘણી નાની હતી ત્યારથી મારી પાસે તેના માતા પિતા સાથે આવતી હતી. તેનો અભ્યાસકાળ મારી નજર સામે પૂરો થયો. તેનાં લગ્ન પણ માતાજીના આશીર્વાદ અને આદેશ પ્રમાણે થયાં. સંસાર સારો ચાલે છે. બાળકો પણ થયાં. બધું બરાબર છે. મને એની ખબર છે. એક દિવસ મારી મુલાકાતે આવી ત્યારે તેણે મને ફરિયાદ કરી:

"ગુરુદેવ, મારી સાસુ મને બહુ બોલે છે..."

મેં કહ્યું: "જો બેટા, સાસુના કહેવાનો મર્મ સમજવાનો તું પ્રયાસ કરજે. એ પણ તારી માતા જ છે. તેમ છતાં તને તેમનો બોલ આકરો લાગે તો તું માતાજીને યાદ કરજે અને મંત્રજપ ચાલુ કરી દેજે..."

---

**"દામ્પત્ય વિખવાદ અને છૂટાછેડા આપણા સમાજની એક મોટી સમસ્યા બની રહી છે. ખાસ કરીને યુવાન દંપતીઓમાં વિખવાદ અને છૂટાછેડાનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે. આ પરિસ્થિતિ ઉચિત નથી. એમાં મોટે ભાગે તો સહનશક્તિ, દીર્ઘદૃષ્ટિ અને વિચારશીલતાનો જ અભાવ અને ઊણપ કારણભૂત હોય છે. દરેક દંપતી જો આ અભાવ અને ઊણપને પરિપૂર્ણ કરવાનો પ્રયત્ન કરે તો દામ્પત્યજીવનમાં સુમેળ અને સંવાદિતા અવશ્ય સર્જી શકાશે."**

---

મારી પાસે આવતાં અને દામ્પત્ય પ્રેમથી જોડાયેલાં ભાઈ-બહેનોને-ખાસ કરીને યુવાનોને મારું સૂચન છે કે, દરેક પતિ-પત્ની એકમેકની લાગણી, સમય અને સંજોગને સમજવાનો અને સહન કરવાનો પ્રયાસ કરે. કૌટુંબિક વૈમનસ્યની અમનઝાળને તમારા શયનખંડના અને હૃદયના દ્વારમાં પ્રવેશતી રોકજો. જે પરિસ્થિતિ ઉપસ્થિત થાય તેને સહન કરજો. તમે જે સહન કરશો તેનો બદલો માતાજી અવશ્ય તમને આપશે.

મારી બહેન-દીકરીઓને કહીશ કે, મન મોટું રાખજો અને દૃષ્ટિ સાફ રાખજો. માતાજી તમારા પડખે અવશ્ય આવશે.

યુવાનીનો દામ્પત્ય પ્રેમ શરીર સુખમાંથી-વાસનાઓમાંથી જન્મેલો હોય છે અથવા કહો કે યૌવન સહજ આકર્ષણ, આવેગ, આવેશ, લાગણી ને ઇન્દ્રિયસુખની ઝંખનામાંથી ઉદ્‌ભવેલો હોય છે. વાર્ધક્યને આરે આવી ઊભાં રહેતાં દંપતીને એકમેકની હૂંફ, સાહચર્ય ને સાન્નિધ્યની જરૂર રહે છે. સાચો દામ્પત્ય પ્રેમ તો પાછલી જિંદગીમાં જ ઉદ્‌ભવે છે. આવા સમયે યુવાનીના ક્ષણિક આવેગ-આવેશ-ક્રોધ-અહમમાંથી જન્મેલી કટુતાને આખી જિંદગી વાગોળ્યા કરવું કેટલું ઉચિત? આવા સમયે દામ્પત્ય-જીવનનું સાચું રહસ્ય જ એ હોઈ શકે કે તમામ કટુતાઓ ભૂલીને, એકમેકને ક્ષમા કરીને, તૂટેલી લાગણીઓનો તાર સાંધી લેવો. શક્ય છે એ લાગણી યુવાનીનાં લાગણી-પ્રેમ કરતાં વધુ તીવ્ર પણ હોઈ શકે. એ જ દામ્પત્યનું સાચું સાહચર્ય હોઈ શકે.

□



Scanned by CamScanner

# સમાચાર

* તા. ૩-૭-'૯૩ ને શનિવારના રોજ ગુરુપૂર્ણિમા હોવાથી પૂ. ગુરુદેવ સવારે ૧૦ થી બપોરે ૨ વાગ્યા સુધી નીચેના સ્થળે દર્શન આપશે :

  પી. જી. મહેતા મેમોરિયલ હૉલ, શંકર આશ્રમ સામે, દિવાન બલ્લુભાઈ પ્રાથમિક શાળા સામે, નારાયણનગર રોડ, રાજનગર બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૭ (માતાજીના આદેશ અનુસાર ભોજનનો પ્રબંધ રાખવામાં આવ્યો નથી.)

* લન્ડનમાં પૂ. ગુરુદેવનો કાર્યયજ્ઞ હોવાથી તા. ૬-૭-'૯૩ થી તા. ૧-૮-'૯૩ સુધી 'નીલેષા' પર મળી શકશે નહિ. તા. ૨-૮-'૯૩ ને મંગળવારથી રાબેતા મુજબ 'નીલેષા' પર પૂ. ગુરુદેવની મુલાકાત ચાલુ થશે.

  લન્ડનના કાર્યયજ્ઞની વધુ વિગત માટે—

  શ્રી પ્રદીપ એસ. વડેરા, ફોન નં. ૦૫૩૩-૩૫૪-૬૧૧ નો સંપર્ક સાધવો.

* તા. ૭-૯-'૯૩ ને મંગળવારે પૂ. ગુરુદેવનો જન્મદિવસ છે. પૂ. ગુરુદેવ સવારે ૯ થી બપોરે ૧ સુધી દર્શન આપશે.

  **સ્થળ** : પી. જી. મહેતા મેમોરિયલ હૉલ, શંકર આશ્રમ સામે, દિવાન બલ્લુભાઈ પ્રાથમિક શાળા સામે, નારાયણનગર રોડ, રાજનગર બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૭. (માતાજીના આદેશ અનુસાર ભોજનનો પ્રબંધ રાખવામાં આવ્યો નથી.)

* તા. ૧૬-૧૦-'૯૩ થી તા. ૨૩-૧૦-'૯૩ સુધી આસો નવરાત્ર છે. વિશિષ્ટ ઉપાસના કરનાર ભાઈ-બહેનોને પૂ. ગુરુદેવ આશીર્વાદ પાઠવે છે.

□


▣ જય ગુરુદેવ — જય ગાયત્રી માતા ▣

**રમેશભાઈ ડૉક્ટર સિલ્ક મિલ્સ**

**૮/૨૩૧૨, ગોપીપુરા, મોટી છીપવાડ, સૂરત — ટે. નં. ૬૩૨૧૫૪**

❖

**પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ**





Scanned by CamScanner

ૐ મા ૐ

પરમ શક્તિ મંત્રના પ્રણેતા



રાજયોગી નરેન્દ્રજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, કે સમ્પ્રદાયનાં બંધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પૂજ્યશ્રીની પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ દરરોજ અડધો કલાક પરમ શક્તિ મંત્રજાપને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ–૧૫.

**સમય : બપોરના ૧૨–૦૦ થી ૨–૦૦ ( ૧૦૧ વ્યક્તિને મુલાકાત )**

**શનિ–રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક–માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. જળ લેવા ઇચ્છનારે ખાલી સ્વચ્છ બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

Scanned by CamScanner